# પ્રકરણ : 3

# 'शिल्परत्नाकरः' –

# એક પરિચયાત્મક સમીક્ષા

## પ્રકરણ – ૩

## 'शिल्परत्नाकरः' – એક પરિચયાત્મક સમીક્ષા

- ભૂમિકા
- પ્રાસાદશિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકર મુળજીભાઈ સોમપુરા– એક પરિચય
- 'शिल्परत्नाकरः' ના વર્ણ્યવિષયો

  (૧ થી ૧૪ રત્નોનો વિગતે પરિચય)
- 'शिल्परत्नाकरः' ગ્રંથની વિશેષતાઓ
- અન્ય કૃતિઓ સાથેનું સામ્ય અને વૈષમ્ય
- 'शिल्परत्नाकरः' માં સન્નિરૂપિત વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો

# પ્રકરણ – ૩

## 'शिल्परत्नाकरः' – એક પરિચયાત્મક સમીક્ષા

## ૩.૧ ભૂમિકા

પ્રસ્તુત પ્રકરણમાં' शिल्परत्नाकरः ના કર્તા શિલ્પશાસ્ત્રી શ્રી નર્મદાશંકર મુલજીભાઈ સોમપુરા તેમજ ગ્રંથના દ્વિતીય આવૃત્તિના પ્રકાશક દિનકરરાય નર્મદાશંકર સોમપુરાનો પરિચય આપેલો છે. શરૂઆતમાં પ્રસ્તાવનાથી શરૂ કરીને ગ્રંથના વર્ણ્યવિષયની માહિતી સંક્ષેપમાં આપેલી છે ત્યારબાદ ગ્રંથની વિશેષતાઓ અને અન્ય કૃતિઓ સાથેનું સામ્ય-વૈષમ્ય તેમજ અન્યશાસ્ત્રો સાથેનો સંબંધ વર્ણવ્યો છે અને અંતમાં' शिल्परत्नाकरःમાં નિરૂપિત વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતોની ચર્ચા કરેલ છે.

## ૩.૨ પ્રાસાદશિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકર મુળજીભાઈ સોમપુરા– એક પરિચય

### ૩.૨.૧ વ્યકિતત્વ સંબંધી પરિચય[૧]

#### ✵ ઈતિવૃત્તાત્મક પરિચય

ગ્રંથકર્તા પ્રાસાદશિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકર મુલજીભાઈ સોમપુરાનો જન્મ કારતક સુદ એકમને શનિવાર તારીખ ૧૧ નવેમ્બર સને. ૧૮૮૩ ધ્રાંગધ્રા ગામે થયો હતો. તેમના પુત્ર વિદ્વાનશ્રી દિનકરરાય નર્મદાશંકર સોમપુરાનો જન્મ વૈશાખ વદ ૧૧ને સોમવાર વિ. સવંત ૨૦૦૫ અને તા. ૨૪-૫-૧૯૪૯ના રોજ થયો હતો. વિદ્વાન નર્મદાશંકરની પત્નીનું નામ સ્વ. અન્નપૂર્ણાબેન નર્મદાશંકર સોમપુરા હતું. શ્રી દિનકરરાયની પત્નીનું નામ અ.સૌ. કૈલાશબેન દિનકરરાય સોમપુરા હતું. શ્રી દિનકરરાયના ત્રણ પુત્રો શ્રી ગૌતમકુમાર, શ્રી મનોજકુમાર અને શ્રી ઉદયકુમારનો ઉલ્લેખ શિલ્પરત્નાકરઃ ની પ્રસ્તાવનામાંથી પ્રાપ્ત થાય છે.

શિલ્પસ્થાપત્યએ પરંપરાથી ઉતરતો આવેલ વારસો છે. આ વારસો વિદ્વતવર્ય શ્રી નર્મદાશંકરના પરિવારમાં ઉતરેલો છે.

બાલ્યાવસ્થામાં જ પિતાની છત્રછાયા ગુમાવી કિશોરાવસ્થા, વિદ્યાભ્યાસમાં તથા સ્થાપત્ય કળાનો થોડો ઘણો અભ્યાસ કરવામાં વિતાવ્યો. શિલ્પકળામાં જન્મજાત રૂચિ હોવાથી સવંત ૧૯૬૧ની સાલમાં ધ્રાંગધ્રાથી અમદાવાદ આવ્યા અને પતાશાની પોળમાં શેઠ માણેકચંદ કપૂરચંદના માર્બલના જૈન દેરાસરનું કામ જે સ્થપતિ પ્રહલાદજી સોમપુરાની દેખરેખ નીચે ચાલતું હતું ત્યાં તે કલાકાર તરીકે કામ કરવા લાગ્યા. તેની સાથે-સાથે અવકાશના સમયે પ્રાચીન શિલ્પશાસ્ત્ર સ્થાપત્યકળાનાં હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથોનો ક્રિયા અને નકશાઓ સહિત ત્રણ વર્ષ સુધી અભ્યાસ કર્યો.

નર્મદાશંકરભાઈએ સ્વપુઢષાર્થ બળે શાસ્ત્રીયજ્ઞાન સાથે શિલ્પકળાનું ક્રિયાત્મક જ્ઞાન પ્રાપ્ત કર્યું અને શાસ્ત્રજ્ઞ કલાકાર તરીકે સારી ખ્યાતિ મેળવી.

આ રીતે પોતાનું સમગ્ર જીવન શિલ્પ-સ્થાપત્ય ક્ષેત્રે અર્પણ કરી પોતાની કીર્તિ પ્રસરાવી ૭૩ વર્ષની ઉંમરે ૨૮મી જાન્યુઆરી ૧૯૫૬ના રોજ સત્‌લોકવાસ પામ્યા.

'શિલ્પરત્નાકરઃ'ના કર્તા



**શિલ્પશાસ્ત્રી શ્રી નર્મદાશંકર મૂલજીભાઈ સોમપુરા**

ધ્રાંગધ્રા (કાઠીયાવાડ)

સ્વ. શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરભાઈના પરિવારમાં હાલમાં એક પુત્ર તથા ત્રણ પૌત્રો અને ત્રણ પુત્રીઓ છે. તેઓ પણ આ જ કાર્યમાં જોડાયેલા છે.

### ❋ જ્ઞાનસાધના સંબંધી પરિચય

પ્રાસાદશિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકરભાઈએ કોઈ શાળા, મહાશાળામાં શિલ્પશાસ્ત્રનું વ્યવસ્થિત જ્ઞાન લીધું નથી, છતાં તેમનાં આંતરિક મન અને હૃદયમાં તેમના **'ગુરૂદેવ શ્રી વિશ્વકર્મા'**જ પ્રેરણા કરી રહ્યા છે. તેમનાં જાતઅનુભવથી આ બાબત સમજાયેલી છે.

શિલ્પકાર્યમાં જોડાયેલી સોમપુરા જ્ઞાતિમાં પોતાનાં પૂર્વજોની ઉજજવળ પરંપરામાં વિદ્વતવર્ય શ્રી નર્મદાશંકરભાઈ દેવ-ગુરૂ-કૃપા અને વડીલોના આશીર્વાદથી આપબળે ખ્યાતનામ શિલ્પજ્ઞ બન્યા અને ભાગ્યની વિશિષ્ટ રેખાએ તેમને ટુંક સમયમાં સ્થપતિ બનાવ્યા. સ્થપતિમાંથી ગ્રંથ અનુવાદક કે સંકલનકાર બન્યા. આ બધું ઉત્તરોત્તર વધતું પુણ્ય, બુદ્ધિ અને અનુભવોને જ આભારી છે.

પૂજય આચાર્યશ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ તેમજ અન્ય આચાર્યો, વિદ્વાનોના વિચારો દ્વારા જ પંડિત શ્રી નર્મદાશંકરભાઈમાં રહેલી વિદ્વત્તા, કુશળતા, ધર્મભાવના તેમજ ઉત્તમ શિલ્પજ્ઞાનના દર્શન થાય છે. મંદિરો બાંધવાના પવિત્ર વ્યવસાયમાં ધર્મભાવ તો રહેલો જ છે, ઉપરાંત લાખો લોકોનું કલ્યાણ કરવામાં પણ તેઓ નિમિત્ત બન્યા છે. અનુપમ અભ્યાસ દ્વારા જડ એવા પદાર્થોમાંથી ચેતનાયુકત સજીવનકાર્યોનું સર્જન કરી પંડિત શિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકરભાઈએ એક ઈતિહાસ સર્જયો છે. વળી, શ્રી નર્મદાશંકરે મંદિર સાથે સંકળાયેલી અનેક બાબતો મૂર્તિ, મુહૂર્ત વગેરે નોંધો, ઉપયોગી નકશાઓ આપીને સચિત્ર એવો 'शिल्परत्नाकरः' ગ્રંથ રચ્યો છે.

શિલ્પજ્ઞશ્રી નર્મદાશંકરભાઈના શિલ્પના વ્યવસાયમાં ક્રિયાત્મક જ્ઞાન અને પાઠાત્મક જ્ઞાન જોવા મળે છે. આ બંને જ્ઞાન તેઓ પ્રાપ્ત કરી તેઓએ સ્થપતિપદ પ્રાપ્ત કરેલ છે. ૧-૪-૧૯૨૬ના રોજ કલાભુવનમાં અધ્યાપક તરીકેનો ઓર્ડર મળતા ૫-૪-૧૯૨૬થી અધ્યાપક તરીકે જોડાયા.

## ૩.૨.૨ કર્તૃત્વ સંબંધી પરિચય[૨]

### ❋ પ્રાસાદ સંબંધી કતૃત્ત્વ

શિલ્પશાસ્ત્રી શ્રી નર્મદાશંકરે પોતાના જીવન દરમિયાન અનેક નૂતન  પ્રાસાદ અને બીજા પ્રાસાદોનો જીર્ણોદ્ધાર કર્યો છે. શિલ્પશાસ્ત્ર અનુસાર કરેલા આ મહાન કાર્ય વડે તેઓએ પોતાનું શ્રેષ્ઠ સ્થપતિપણું સિદ્ધ કરેલું છે.

➢ સવંત ૧૯૬૩ની સાલમાં દક્ષિણમાં કોલ્હાપુર જીલ્લાના વડગાઁવનાં શેઠ મગનલાલ જીવરાજ તરફથી જૈન દેરાસરનું કામ નવેસરથી કરવા માટે શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરને નિમંત્રણ મળવાથી કેટલાક કારીગરને સાથે લઈ વડગાંવ ગયા અને ત્યાના દેવાલયનું કામ પૂર્ણ કર્યું. ત્યાનું કાર્ય લોકપ્રિય થવાથી કોલ્હાપુર જીલ્લાનાં કુંભોજના ડુંગર ઉપરના જૈન દેરાસરના જીર્ણોદ્ધારનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું. તે કામો સંતોષકારક કરી તેઓ સવંત ૧૯૭૧ સાલમાં ગુજરાતમાં પાછા આવ્યા.

➢ શ્રી કુંભારીયાજીના જૈન દેરાસરના ત્રણ દેરાસરોના જીર્ણોદ્ધારનું કામ કોન્ટ્રાકટથી શ્રી નર્મદાશંકરભાઈના હસ્તક થયેલું છે.

➢ રાણકપુરમાં આવેલો પ્રખ્યાત 'ધરણીવિહાર' પ્રાસાદનો જીર્ણોદ્ધારનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું હતું. પાંચ લાખના ખર્ચે જેવું જૂનું કામ હતું તે જ પ્રમાણે નવું બેસાડી તેની જૂનાવટમાં કોઈ ખામી ન આવે તે રીતે બનાવી સવંત ૧૯૯૮ની સાલમાં પુરું કરેલ.

➢ વળી, નર્મદાશંકરે મંદિર સાથે સંકળાયેલી અનેક બાબતો ઉપરાંત મૂર્તિવિધાન, મુહૂર્ત વિષયક આદિ જયોતિવિષયક વિવિધ ઉપયોગી નોંધો આપીને, ચિત્ર, નકશાઓ દ્વારા સચિત્ર એવો શિલ્પરત્નાકરઃ ગ્રંથો રચ્યો છે. વર્ષોના અથાગ ચિંતન અને પરિશ્રમનું સર્જન છે.

➢ કલોલ તાલુકાના શ્રી પાનસર જૈન કમીટીના મેમ્બરે તેમને જૈન દેરાસરનું કામ સોંપ્યું. પાનસરનાં શ્રીમહાવીર સ્વામીના જૈન પ્રાસાદ કામ અંદરના ભાગનું મકરાણાનાં આરસનું અને બહારની બાજુએ જગતી સહિત ત્રણે શિખરનું અને મંડપોનું કામ કર્યું. ત્યારબાદ સવંત ૧૯૭૪ના વૈશાખ માસમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી.

➢ સવંત ૧૯૭૫માં મહેસાણાના કૈચોલમાં નવેસરથી દેરાસરનું કામ અંદરથી આરસનું અને બહારની બાજુએ હિંમતનગરના પથ્થરોનું ઘણું જ સુંદર કામ પોતાની દેખરેખ નીચે તૈયાર કરાવેલ છે.

➢ બહુચરાજી નજીક મોઢેરામાં જૈન દેરાસર નવેસરથી તેમજ ચાણસ્મા, ઊંઝા અને બાંધણજના જૈન દેરાસરનો સુધારોવધારો અને જીર્ણોદ્ધાર તેમની દેખરેખ નીચે કરવામાં આવેલો છે.

➢ સવંત ૧૯૭૬ની સાલમાં મહેસાણા પ્રાંતના કલોલ તાલુકાનું શેરીસા ગામે પાર્શ્વનાથ ભગવાનનો ઘણો વિશાળ અને ભવ્ય પ્રાસાદ બાંધવા માટે અમદાવાદના નગરશેઠ તરફથી આમંત્રણ મળ્યું અને સવંત ૧૯૭૬ના વૈશાખ માસમાં પ્રાસાદ નિર્માણનું કામ આરંભ કર્યું.

➢ ઈ.સ. સને ૧૯૨૬ના ફેબ્રુ.માં કૈલાસવાસી શ્રીમંત મહારાજા સાહેબશ્રી સયાજીરાવ ગાયકવાડ તેમના નવા બંધાતા શેરીસા ગામના ભવ્ય જૈન પ્રાસાદની મુલાકાત લઈ પ્રસન્ન થયા.

## ૩.૨.૩ અન્ય કલાત્મક કાર્યો[૨]

શ્રી નર્મદાશંકરે કઠોર પરિશ્રમ, અવિરત પુઢષાર્થ, વિશાળ અનુભવ, ઊંડી સૂઝ વગેરેને કારણે મનોમુગ્ધ, વૈવિધ્યસભર મંદિરો અને કલાત્મક કાર્યો કર્યા છે.

➢ ઈ.સ. ૧૯૭૬માં જે પ્રાસાદ નિર્માણ કર્યું તેમા આ પ્રાસાદની રચના, પ્રથમ ગર્ભગૃહ, કોળી મંડપ, ગૂઢ મંડપ તથા છ ચોકી અને નૃત્ય મંડપ અને તેની ત્રણેય બાજુએ શણગારચોકીઓની રચના કરેલી છે. અંદરના ભાગમાં મકરાણી આરસના થાંભલા સપ્તશાખાનાં દ્વારો, પાટો, ઘુમટો, છતો વગેરે ખૂબ જ આકર્ષક તેમજ કોતરણીવાળા બનાવવામાં આવેલ છે. બહારના ભાગમાં જગતી, કર્ણપીઠ, મંડોવર અને શિખરનું સુંદર નકશીકામ જોધપુર (મારવાડ)ના ગુલાબી ચિતર પથ્થરોમાં કરવામાં આવ્યું છે. માતરના જૈન દેરાસરનું બાવન જીનાલયનું કામ પૂર્ણ કરી પાલીતાણા ઘેટી પાગની દેરી,

જોધપુરના ગુલાબી પથ્થરમાં અંદરના ભાગે મકરાણી આરસમાં બનાવ્યું.

- તેમજ શત્રુંજય પહાડ ઉપરના ભાગે શ્રી આદિશ્વર ભગવાની ટોચમાં, મુંબઈ નિવાસી બાબુ પન્નાલાલ શેઠ તરફથી મકરાણી આરસની શિખરબંધ દેરી, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી મારફત ઘણી સુંદર તૈયાર કરેલ છે.

- અમદાવાદમાં શેઠ લલ્લુરાયજીની જૈન બોર્ડીંગ એલીસબ્રીજ, ગાંધી આશ્રમ રોડ, પરના દેરાસરનું નવેસરથી વિદ્વાન શ્રી નર્મદાશંકરભાઈની દેખરેખ હેઠળ થયું છે.

- માણેકચોક પાસે રૂપાસુરચંદની પોળમાં જૈન દેરાસરનું કામ પણ દોઢેક લાખનાં ખર્ચે મકરાણી સફેદ આરસમાં તથા જેસલમેરના પીળા આરસમાં તથા સ્તંભો, મંડપનો ઘુમંટ વગેરે સફેદ આરસમાં દેલવાડાના જૈન દેરાસરને લગતાં સુંદર કોતરણીવાળા તથા સ્તંભોમાં ઝવેરાતના રંગબેરંગી પથ્થરો જડી વેલપત્તા તેમજ નવી ડીઝાઈનના ઝાડપાન ચિતરી કામ કરવામાં આવેલું છે. આ દેવાલયમાં વાસુ પૂજ્ય ભગવાનની પ્રતિષ્ઠા સવંત ૧૯૯૪ના મહામાસમાં કરવામાં આવેલી છે.

- અમદાવાદની સીવીલ હોસ્પિટલ પાસે બ્રહ્મચારીની વાડીમાં શિખરબંધી શિવાલય ઘણું જ સુંદર બનાવેલું છે.

- સ્થપતિ નર્મદાશંકરે જાતે શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરી સ્વહસ્તે કેટલાક પ્રાસાદો એટલે દેવાલયોની રચનાનાં કામ પણ કર્યા છે. શેરીસા, પાનસર, પાલીતાણા વગેરે સ્થળોએ પ્રાચીન પદ્ધતિને અનુસરીને નવા થયેલા પ્રાસાદોની રચનાનાં ગ્રંથકારના સ્વહસ્તે થયેલા કામો સુપ્રસિદ્ધ છે.

- સને ૧૯૪૨ સવંત ૧૯૯૭-૯૮માં સચીન સ્ટેટના નામદાર નવાબ સાહેબ તરફથી એક મોસોલ્યમમાં મારબલનું ઘણું જ સુંદર કામ નકશા-પ્લાન બનાવી કરવામાં આવેલું છે. મોસોલ્યમની અંદર રાખવાની મારબલની કબરમાં ઝવેરાતનાં રંગબેરંગી પથ્થરોમાં વેલબુટાનું કામ ઘણું જ આકર્ષક અને સુંદર બનાવેલું છે. આ મોસોલ્યમને જોવા માટે મુંબઈના પ્રખ્યાત એન્જીનીયર અને સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સના પ્રિન્સીપાલશ્રી બેટલી સાહેબ આવેલા તેમણે કામ જોઈને મુકત કંઠે પ્રશંસા કરેલી.

## ૩.૨.૪ ગ્રંથ રચનાના હેતુઓ

ભારતવર્ષની કલાઓ પૈકી સ્થાપત્યકલા ઘણી જ પ્રાચીન અને શાસ્ત્રસિદ્ધ છે. આ કલા ધર્મને અવલંબી ઘડાયેલી હોઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુઢષાર્થની સાધક બનેલી છે. આજના વૈજ્ઞાનિક યુગમાં તેની ઉપયોગિતા પુરવાર થયેલી છે અને વિદેશી વિજ્ઞાનીઓએ પણ તેની મુકતકંઠે પ્રશંસા કરેલી છે. આ વાત મહારાજા સયાજીરાવના જીવનમાં વણાયેલી હતી.

શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરનો વડોદરા રાજય સાથેનો સંબંધ ઘણો જૂનો છે. સને ૧૯૨૬માં કૈલાસવાસી શ્રીમંત સયાજીરાવ મહારાજ મહેસાણા પ્રાંતના કલોલ તાલુકામાં પધાર્યા અને કલોલ નજીક શેરીશા ગામની મુલાકાત લીધી. તે પ્રસંગે તેઓશ્રીનો શ્રી નર્મદાશંકર સાથે પ્રથમ પરિચય થયો. ત્યાંના ભવ્ય પ્રાસાદોના કામ જોઈ તે પ્રસન્ન થયા અને કહ્યું કે હજી પણ સ્થાપત્યકલાનાં જાણકારો

અસ્તિત્વ ધરાવે છે અને તેમણે શ્રી નર્મદાશંકરને નકશાઓ સાથે લોકોને સ્પષ્ટ રીતે સમજાય તે રીતના ગ્રંથનું સર્જન કરવા કહ્યું અને શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરને કલાભુવનમાં અધ્યાપક તરીકે નિમણૂક કરવાની આજ્ઞા કરી અને શિલ્પજ્ઞ નર્મદાશંકરે તેમની ઈચ્છાને માન આપી અને 'શિલ્પરત્નાકર' ગ્રંથ રચનાનું કાર્ય તા. ૫-૪-૧૯૨૬થી શરૂ કર્યું અને ૧૯૩૯માં પૂર્ણ કર્યું.

આમ, બાર વર્ષનાં સમયમાં આ ગ્રંથનું સર્જન થયું છે. ગ્રંથનાં મુખ્ય ભાગ ૬૩૧ પૃષ્ઠનો છે. વિષયનો બોધ સુલભ માટે આકૃતિઓ તેમજ છાયા ચિત્રો મોટા પ્રમાણમાં આપ્યા છે. જેમાંથી આકૃતિઓ અને નકશાઓ પોતે જ જાતે દોર્યા છે. અને ગ્રંથના આરંભ વખતે મહારાજા સયાજીરાવને ગ્રંથ સમર્પણ કરતી વખતે તેઓ લખે છે કે શિલ્પકલા જેવા લોક હિતૈષી કાર્યો પ્રત્યે આવા શ્રીમંતોનો સદ્ભાવ એ ભારતવર્ષની કલા, વિદ્યા અને સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ બતાવે છે. શ્રીમંતના રાજ્ય અમલનો મુખ્ય આદર્શ કલાની ઉન્નતિનો સાધક રહ્યો છે, એવો નમ્રભાવ વ્યકત થયો છે.

આ રીતે આચાર્યોએ, વિદ્વાનોએ કરેલી પ્રશંસાથી તેમનું ઉત્તમ વ્યકિતત્વ જાણવા મળે છે. ભારતીય સંસ્કૃતિનાં ગૌરવને જાળવી રાખવા માટે, આવનારી પેઢીને તે શાસ્ત્રનું જ્ઞાન સદા મળતું રહે તેવી દીર્ઘદષ્ટિથી શિલ્પરત્નશ્રી નર્મદાશંકર દ્વારા આ ગ્રંથ બેજોડ છે.

## ❋ પ્રેરણારૂપ ગ્રંથો[૪]

શિલ્પરત્નાકર રૂપી રત્નાકર ગ્રંથ રચવા માટે (૧) અપરાજીત, (૨) સૂત્રસંતાન, (૩) ક્ષીરાર્ણવ, (૪) દીપાર્ણવ, (૫) વૃક્ષાર્ણવ, (૬) વાસ્તુકૌતુક, (૭) સમરાંગણ, (૮) વાસ્તુસાર, (૯) નિર્દોષ વાસ્તુ – આ પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો સારાંશ તથા (૧૦) પ્રાસાદમંડન, (૧૧) રૂપમંડન, (૧૨) ચોવીસ તીર્થંકરોના જિન પ્રાસાદ, (૧૩) આયતત્ત્વ, (૧૪) કુંડ સિદ્ધિ આ પાંચ ગ્રંથો સંપૂર્ણ સમાવી લીધેલ છે. તે સાથે પ્રાસાદના દરેક અંગો જેવા કે જગતી, પીઠ, મહાપીઠ, કર્ણપીઠ, મંડોવર, દ્વારશાખા, સ્તંભો તથા કેશરાદિ, તિલકસાગરાદિ, ઋષભાદિ, વૈરાજયાદિ અને મેર્વાદિ પ્રાસાદોનાં શિખરો, મંડપો, સામરણો, મૂર્તિઓ, પરિકરો વગેરેનાં નકશાઓ આપવામાં આવેલા છે જેથી શિલ્પકળાનાં અભ્યાસીઓને આ ગ્રંથ ઘણો ઉપયોગી થઈ પડશે એટલું જ નહિ પરંતુ પ્રતિષ્ઠા કરાવનાર અને જયોતિષીઓને પણ ઘણો જ ઉપયોગી થશે. એકંદરે આ ગ્રંથ સ્થાપત્યકળાના શિક્ષણ માટે સર્વથા ઉપયોગી બને તેવી યોજના રાખી ક્રમવાર રચવામાં આવ્યો છે.

## ❋ સુપ્રસિદ્ધ વિદ્વાનોના અભિપ્રાયો[૫]

પ્રાસાદશિલ્પજ્ઞ શ્રી નર્મદાશંકરભાઈને તેમના ઉત્તમ ગ્રંથસંપાદન માટે મહાન વિભૂતિઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં, આશીર્વાદ, અભિપ્રાયો, શુભ કામનાઓ પણ મળી છે. ગ્રંથના આરંભમાં તેનો ઉલ્લેખ પણ છે.

આ ગ્રંથની કાચી પ્રત હિંદુસ્તાનના પુરાતત્ત્વ સંશોધન ખાતાના ડાયરેકટર જનરલ શ્રીમાન્ રા. રા. રાવબહાદુર કે. એન. દીક્ષિત સાહેબ તરફથી રવિશંકર રાવળ એમના મારફત મોકલવામાં

આવી હતી. તેના ઉપર મળેલો અભિપ્રાય નીચે મુજબ છે.

## ✵ વડોદરા રાજયના પુરાતત્વ સંશોધન ખાતાના ડાયરેકટર શ્રીમાન રા. રા. ડો. હીરાનંદ શાસ્ત્રીનો અભિપ્રાય

શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર મૂળજીભાઈએ જ્ઞાનકોષની દષ્ટિએ ચોક્કસ અતિ ઉપયોગી થઈ પડે એવો 'શિલ્પ રત્નાકર' ગ્રંથ બહાર પાડી એક ભારે રાષ્ટ્રીય સેવા બજાવી છે. હું તે આદ્યન્ત જોઈ ગયો છું. એટલે હું ખાત્રીથી કહી શકું છું કે આ લખાણ બહુજ સંભાળપૂર્વક થયું હોઈ એ પુસ્તક એક પ્રમાણ ગ્રંથ છે. અત્યારે પ્રાચીન હિન્દી સ્થાપત્યની ઉપેક્ષા થઈ રહી છે એટલું જ નહિ પણ વિશેષમાં એ કલા ઈસ્લામી ઢબ અને યુરોપીય પદ્ધતિઓ પ્રતિ ઢળતી જાય છે. પરિણામે વિદેશી સ્થાપત્યને અગ્રસ્થાન મળતું જાય છે. શ્રીયુત્ નર્મદાશંકરના શિલ્પ રત્નાકરઃમાં શિલ્પના નમૂનાનાં અસંખ્ય ચિત્રો છે. તેનાથી જૂના ભવ્ય મકાનો, ખાસ કરીને ગુજરાત અને કાઠીયાવાડનાં દેવાલયોની પ્રાચીન અથવા મધ્યમ યુગની સ્થાપત્ય કલાઅને પદ્ધતિનો સમજપૂર્વક અભ્યાસ કરવાનું સરળ થઈ પડશે. આ વિદ્વાન શિલ્પશાસ્ત્રીએ હિન્દી સ્થાપત્યનો ઈતિહાસ આપી શિલ્પ રત્નાકરઃમાં એક બારીક ચર્ચાત્મક પ્રસ્તાવના રજુ કરી હોત તો તે વિશેષ ઉપકારક થઈ પડત. છતાંય એકંદરે આ ગ્રંથ અત્યંત આવકારદાયક અને દરેક રીતે ઉત્તેજનપાત્ર છે. હિન્દી સ્થાપત્યના પ્રેમીઓને આ શિલ્પરત્નાકરઃની હું ખાસ ભલામણ કરું છું. વળી સામાન્ય જનતાના સરળ ઉપયોગ માટે અગત્યનાં સર્વ પુસ્તકાલયોમાં આવા ગ્રંથોને સ્થાન હોવું ઘટે.

## ✵ હિન્દુસ્તાનના પુરાતત્ત્વ સંશોધન ખાતાનાં ડાયરેકટર જનરલ શ્રીમાન્ રા. રા. રાવબહાદુર કે. એન. દીક્ષિત સાહેબનો તેના ઉપર મળેલો અભિપ્રાય

હું તમારા પત્ર તેમજ શિલ્પ રત્નાકરઃની કાચી પ્રત મોકલી આપવા માટે ઘણો આભારી છું. તમારા મિત્ર શાસ્ત્રી નર્મદાશંકર સોમપુરાનો ગ્રંથ વાસ્તવમાં ઘણોજ કિંમતી છે. વધુ આશ્ચર્યકારક તો એ છે કે ઈંગ્લીશનું સાધારણ જ્ઞાન ન ધરાવતા છતાં પણ, તેઓ શિલ્પશાસ્ત્રીય પદ્ધતિને અનુસરતાં દેવાલયોનાં અંગભૂત વિભાગોનું સુરેખ ચિત્રાંકન દોરી શકયા છે અને વળી તેટલી જ સફળતાથી શિલ્પશાસ્ત્રના મર્મનું રહસ્યોદ્‌ઘાટન પણ કરી શકયા છે. તેઓ સ્થાપત્યકળામાં પંડિત ભગવાનલાલ ઈંદ્રજીના સમકક્ષ છે કે જેમણે સ્થાપત્યકળાનાં સંસ્કૃત ક્ષેત્રમાં નામના મેળવેલી છે.

## ✵ વડોદરા-કલાભવનના પ્રોફેસર શ્રીમાન રા. રા. વી. વી. વડનેકર સાહેબનો અભિપ્રાય

ગઈ કેટલીય સદીઓથી વિદેશી આક્રમણોથી હિન્દી સ્થાપત્ય કલાને ઘણું શોષવું પડયું છે. છતાંય તે સ્થાપત્યની પ્રથા વંશપરંપરાગત સાચી કારીગરીથી હિન્દમાં આજે ય અખંડ અને જીવતી જાગતી રહી છે. અત્યારે પણ હિન્દી સ્થાપત્ય અને શિલ્પને લગતા કેટલાયે સંસ્કૃત હસ્તલિખિત ગ્રંથો સ્વભાવે રૂઢિચુસ્ત લોકોના કબજામાં છે. આધુનિક યુગમાં સ્થાપત્યકાર અને તજજ્ઞ વિદ્વાન હોય એવી એકજ વ્યકિત મળવી દુર્લભ હોય છે, અને કદાચ એવી વ્યકિત જડી આવે તો પણ તેને માટે આ

કલાના ગ્રંથોની હસ્તલિખિત પ્રતો શોધવી અને ભેગી કરવી, અને એ રીતે સંગ્રહેલી સામગ્રીને વાંચી, સમજી તેનો સમન્વય કરી ઉચિત ગુજરાતી પરિભાષામાં તેનો અર્થબોધ કરવો એ કંઈ સહેલું કામ નથી.

આવું ભગીરથ કાર્ય ઉઠાવવા માટે શિલ્પશાસ્ત્રી શ્રીયુત નર્મદાશંકર મૂળજીભાઈ સોમપુરાને ખરેખર અભિનંદન ઘટે છે. આ 'શિલ્પરત્નાકરઃ' આપણા પ્રાચીન હિન્દી સ્થાપત્ય વિષે પ્રમાણ ગ્રંથ છે. અત્યાર સુધી અલભ્ય ગણાતી સઘળી માહિતી આ ગ્રંથમાં મળે છે. કળાકૌશલ્યના શાસ્ત્રીય નિયમો નું વર્ણન પ્રત્યક્ષ બાંધકામ, સૌન્દર્ય અને ધાર્મિક વૃત્તિ વગેરે વિવિધ કુટિલ પ્રશ્નોની વિગતવાર ચર્ચાથી ભરપુર આ ગ્રંથ સર્વાંગસંપૂર્ણ ગણી શકાય. વળી લેખકે આવી કઠણ સ્થાપત્ય કલાના નિયમોને ધ્યાનમાં રાખી, કલાના ઉદ્‌ગમ અને વિકાસનાં વર્ણનો એવી તો સચોટ શૈલીથી સરળ ભાષામાં કર્યા છે કે એ કલાનાં નવા અભ્યાસીને પણ એમાં ઉંડો રસ પડે.

'અપરાજિત', 'ક્ષીરાર્ણવ', 'સૂત્રસંતાન', 'દીપાર્ણવ', 'વૃક્ષાર્ણવ', 'વાસ્તુકૌતુક', 'વાસ્તુમંડલ', 'વાસ્તુમંજરી', 'વાસ્તુસાર', જેવા પ્રાચીન સ્થાપત્ય ગ્રંથોમાંથી ઉપયોગી સર્વ સામગ્રી આમાં પુષ્કળ સંગ્રહી છે, તેમજ 'પ્રાસાદમંડન' અને 'રુપમંડન' જેવી પુસ્તિકાઓ સમગ્ર રીતે આમાં સમાવી લીધેલ છે.

સ્થાપત્યનાં અર્થબોધક ટિપ્પણો અને અસંખ્ય ચિત્રો, ફોટોગ્રાફો અને માહિતી ઈત્યાદિનાં સુવ્યવસ્થિત વર્ગીકરણ અને સુંદર સંકલનથી પુસ્તકનું વસ્તુદર્શન સરળ બન્યું છે.

આ ગ્રંથ પ્રકાશનથી શિલ્પશાસ્ત્રી ન. મ. સોમપુરાએ હિન્દી સ્થાપત્યની ભારે સેવા બજાવી છે અને મને સંપૂર્ણ ખાત્રી છે કે ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારના આ સૌથી પ્રથમ પુસ્તકથી જેના પર હિન્દી કલા અને સ્થાપત્યનું ભાવિ અવલંબે છે એવાં કેળવાયેલા વિવેકી સ્ત્રીપુરૂષોમાં આ બાબતનો ઉંડો રસ અને વિચાર જાગૃત કરશે.

## ✵ મહાગુજરાતનાં સુપ્રસિદ્ધ નવલકથાકાર, વડોદરા રાજયનાં પ્રેસરીપોર્ટસ્ ખાતાના અધિકારી અને સાક્ષર રા. રા. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ એમ. એ.નો અભિપ્રાય

શ્રીયુત્ નર્મદાશંકર મુળજીભાઈ સોમપુરા રચિત શિલ્પરત્નાકરઃ નામનો ગ્રંથ હું જોઈ ગયો. ગ્રંથ જોયા પછી શ્રીયુત નર્મદાશંકર જેવા સ્થપતિ માટે મને બહુ માનની લાગણી થઈ આવી. સર્વ જીવન ક્રિયાને શાસ્ત્ર બનાવી દેતી આર્ય સંસ્કૃતિ શિલ્પ સ્થાપત્યને પૂર્ણ શાસ્ત્ર કેવી રીતે બનાવી રહી હતી તેનું પ્રત્યક્ષ દષ્ટાંત મને 'શિલ્પરત્નાકરઃ'ના વાંચનમાંથી મળ્યું છે.

ગણિતની પુરી ચોકસાઈ, દેશ, કાળ, પ્રસંગ અને પંથ વિશિષ્ટતાની સાચવણી, કલાના રૂઢ નિયમો, અને છતાં નવીન કલ્પનાને રહેતો અવકાશ એ સર્વનું સુભગ મિશ્રણ આપણા શિલ્પશાસ્ત્રમાં કેવી રીતે થયું છે એ આ ગ્રંથનાં વાંચનથી બહુજ સ્પષ્ટ થાય છે. પાયાથી માંડી શિખર કળશ સુધીની રચનાનું શાસ્ત્રીય જ્ઞાન આ ગ્રંથમાંથી મળી આવે છે, અને આધારભૂત શિલ્પગ્રંથોના શ્લોક અને

તેમનાં ભાષાન્તર દ્વારા જ્ઞાનવૃદ્ધિ આધારભૂત શિલ્પગ્રંથોના શ્લોક અને તેમનાં ભાષાંતર દ્વારા જ્ઞાનવૃદ્ધિ, સાથે આપણા પૂર્વકાલીન શાસ્ત્ર માટે માન અને અભિમાનની લાગણી પુસ્તક જોતા ઉત્પન્ન થાય છે. જ્ઞાનની દષ્ટિએ આ ગ્રંથ અત્યંત કીંમતી હોઈ નવા અને જુના સ્થપતિઓએ તેને પોતાની પાસે નિત્ય રાખવા જેવો છે. પાશ્ચાત્ય શિલ્પશાસ્ત્રનું યુનિવર્સિટી દ્વારા જ્ઞાન મેળવી આપણા દેશનાં મકાનો, મંદિરો, પ્રાસાદો, મૂર્તિઓ અને સાર્વજનિક બાંધકામો રચવાની હિમ્મત કરનારા પદવીધારીઓ આવા ગ્રંથો તરફ અગર ગ્રંથોમાં સંગ્રહાયેલા નિયમો પ્રમાણે રચાયેલાં યુગ યુગ સુધી જીવતાં આપણાં પ્રાચીન બાંધકામો તરફ જરા દષ્ટિ કરે તો મોટા-નાનાં કદરૂપાં ખોખાને બદલે તેઓ વધારે સુશોભિત, સગવડભર્યાં અને દીર્ઘાયુ બાંધકામોની રચના કરી શકે.

એ નમૂનાઓનાં વર્તમાન યુગને સમજાય એવા વિગતવાર નકશા પણ જૂના શાસ્ત્રને નવીન સ્વરૂપમાં રજૂ કરે એમ છે. ગુજરાત, દક્ષિણ, માળવા, રાજપૂતાના અને યુકતપ્રાન્તોની સીમાને બાંધતા મધ્યહિંદ પ્રદેશને માફક આવેલી સ્થાપત્ય શ્રેણીના પુસ્તકમાં આપેલા નમૂના હજી પણ આપણા શિલ્પની કલગી સરખા છે. દેલવાડાનાં જૈનમંદિરો, અમદાવાદાવાળી હઠીસીંગની વાડી, વડોદરા રાજયના મોઢેરા સૂર્યમંદિર, તારંગાનાં દેરાસરો, અને વડનગરની કમાન એ સઘળા આજ પણ આપણી સ્થાપત્ય કળાનાં ગર્વ ઉપજાવતા નમૂના છે જેમનાં ચિત્રોથી પુસ્તકને અત્યંત શોભાયમાન પણ બનાવવામાં આવ્યું છે.

શાસ્ત્ર અને પ્રત્યક્ષ કળાનું સંમિશ્રણ કરતો આ 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથ ગુજરાતી ભાષામાં અજોડ છે. ભાઈ નર્મદાશંકરની વિદ્વત્તા અને ખંત પ્રશંસાપાત્ર છે. કલાકાર અને કારીગર કહેવાતા વર્ગ તરફ જરા ઉંચાપણાથી નિહાળતા ભણેલાઓ આ ગ્રંથ જોશે તો તેમને શ્રી નર્મદાશંકરની કલાભાવના, વિદ્વતા અને અનુભવ પ્રત્યે જરૂર માન ઉત્પન્ન થશે. તેઓ માત્ર લેખક નથી. તેમને હાથે વર્તમાન યુગનાં કેટલાયે સ્થાપત્યો રચાયાં છે.

ગ્રંથને સંપૂર્ણ સફળતા અને સહાય મળે એમ હું ઈચ્છું છું. ગુજરાત આ ગ્રંથને નહીં સત્કારે તો કયાં ગ્રંથને સત્કારશે?

## ✵ ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રીયુત્ રા. રવિશંકર મ. રાવળ (અમદાવાદ) એમનો અભિપ્રાય

શિલ્પશાસ્ત્રી શ્રીમાન્ નર્મદાશંકરભાઈ,

આપે 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથ ગુજરાતી ભાષામાં આપીને ભારતીય સંસ્કૃતિની પરમ સેવા કરી છે. અનેક સૈકાઓથી સિદ્ધ થયેલી આપણી સ્થાપત્ય વિદ્યાનો સાંગોપાંગ અભ્યાસ ધરાવતા વિદ્વાનોમાં આપનું નામ આથી અમર થશે.

અંગ્રેજી ભાષા દ્વારા હિંદી સ્થાપત્યનું અધકચરું જ્ઞાન પામેલા ઈજનેરો અને આર્કિટેક્ટોને આપના આ ગ્રંથના અનુશીલનથી બહુજ લાભ થશે. ઉપરાંત દેશી ભાષાભાષી આપણા દેશનાં કારીગરોને આ ગ્રંથમાંથી ભારતીય કળાનાં સ્વરૂપોનું વિધિયુક્ત જ્ઞાન મળશે. અને તેની અસરથી

મકાનો, ફરનીચરો અને વપરાશના બીજા પદાર્થો ભારતીય સ્વરૂપ પામશે. સાહિત્યકારોને પણ આમાંથી સાચી પરિભાષા મળી રહેશે. અનેક રીતે ઉપકારક થાય એવો આ ગ્રંથ પૂર્ણ લોક આદરને પાત્ર અને આપનો શ્રમ સફળ થાય એવું હ્રદયપૂર્વક ઈચ્છું છું.

## ૩.૩ 'શિલ્પરત્નાકરઃ'ના વર્ણ્ય વિષયો[૬] (૧ થી ૧૪ રત્નોનો પરિચય)

વિદ્વતવર્ય શ્રી નર્મદાશંકર સોમપુરા કૃત शिल्परत्नाकरः કુલ ૧૪ રત્નોમાં વિભાજીત છે. જેનું વિષયવસ્તુ રત્ન સહિત નીચે મુજબ છે.

✵ **પ્રથમ રત્ન**

**આયાદિ અંગ વિચાર**

વિદ્વાન ગુરૂ શ્રી નર્મદાશંકર સોમપુરાએ ગ્રંથના પ્રથમ રત્નમાં સૂત્રધાર લક્ષણ આપ્યું છે. કયા સમયમાં કાર્યનો આરંભ થી માંડીને ગજવિધાન, અષ્ટાવિધ સૂત્રના નામ, કાટખૂણો, આયાદિ ૨૧ અંગના નામો આય લાવવાની રીત, દેવોના સ્થાન, અનુકૂળ, પ્રતિકૂળ આય, આયોનું સ્વરૂપ, પ્રકાર, મનુષ્યનો આય લાવવાનું કોષ્ટક, દિવાલોમાં આય આપવા વિષે, ક્ષેત્રફળ કાઢવાની રીત, ક્ષેત્રફળ ઉપરથી નક્ષત્ર, નક્ષત્રની દિશા, નક્ષત્ર વૈર, વ્યય, તારા, નાડી, રાશિ, રાશિ સ્વામી, મિત્રતા, નામાક્ષર, અંશક, લગ્ન, તિથિ, વાર, કરણ, યોગ, વર્ગ, તત્વ, ક્ષેત્રની આવરદા આ બધાનો વિચાર વિગતવાર થયો છે.

આ બધાનો વિગતપૂર્ણ રીતે પરિચય કોષ્ટક સહિત થયેલો છે.

✵ **દ્વિતિય રત્ન**

**પ્રાસાદોત્પતિ રચના વિધિ**

પ્રસ્તુત રત્નમાં પ્રાસાદની ઉત્પતિ વિષયક કથા રજૂ થઈ છે. વૈરાજય, પુષ્પ, કૈલાસ, મણિપુષ્પ અને ત્રિવિષ્ટિપ આ પાંચ પ્રાસાદો બ્રહ્માનાં વચનથી દેવોની પૂજા વડે ઉત્પન્ન થયા અને તે સર્વ કામનાઓને આપનારા છે. તેના અવાન્તર ભેદો પણ પડયા છે. વૈરાજયાદિ ૫૮૮, પુષ્પકાદિ ૩૦૦, કૈલાસાદિ ૫૦૦, મણિપુષ્પાદિ ૧૫૦ અને ત્રિવિષ્ટપાદિ ૩૦૦ પ્રકારના થાય છે. વૈરાજયાદિ પાંચ પ્રાસાદોની પેટા પ્રકારના ભેદો સાથે કુલ સંખ્યા ૧૮૮૮ થાય છે.

દેવ, દૈત્યાદિ સમાજે અનુક્રમે કરેલી પ્રાસાદાકાર પૂજાઓથી પ્રાસાદોની આ પ્રમાણે ચૌદ જાતિઓ ઉત્પન્ન થઈ.

(૧) દેવતાઓથી નાગરાદિ

(૨) દાનવોથી દ્રવિડાદિ

(૩) ગંધર્વોથી લતિનાદિ

(૪) યક્ષોથી વિમાનાદિ

(૫) વિદ્યાધરોથી મિશ્રકાદિ

(૬) વસુઓથી વરાટકાદિ

(૭) નાગ લોકોથી સાંધારાદિ

(૮) રાજાઓથી ભૂમિજાદિ

(૯) સૂર્યલોકથી વિમાનનાગરચ્છંદાદિ

(૧૦) ચંદ્રલોકથી વિમાનપુષ્પકછંદાદિ

(૧૧) પાર્વતીથી વલભ્યાદિ

(૧૨) હરસિદ્ધિ આદિ દેવીઓની પૂજાથી સિંહાવલોકન દારૂજાદિ

(૧૩) ન્યન્તરાવસ્થિત (પિશાચાદિ) દેવોની પૂજાથી ફાંસનાદિ અને

(૧૪) નપુંસકાદિ

આ ચૌદ જાતિના પ્રાસાદો વૈરાજયાદિ પ્રાસાદોમાંથી ઉત્પન્ન થયેલા જાણવા. વળી, શ્રેષ્ઠ પ્રાસાદ અને દેશાનુસાર પ્રાસાદ વિધાન, પ્રાસાદ જ્ઞાતિ, પ્રાસાદ વર્ણ વિષે, રાજસ, તામસ અને સાત્વિક પ્રાસાદનું વર્ણન કરેલું છે. પ્રાસાદ કરવાથી થતું પુણ્ય, શિલ્પીને ગુરૂ દ્વારા અભ્યાસ વિધાન, શુભ મુહૂર્ત જોવાનું વિધાન, દિક્સાધન, ભૂમિશોધન વિધિ, નાગવસ્તુ વિચાર તેનું કોષ્ટક અષ્ટદિશાની શિલાના નામ, માન તથા સ્વરૂપો અને પ્રાસાદજગતી વિધાન વિસ્તારથી કરેલું છે. પ્રાસાદપીઠમાન પ્રાસાદની ઊંચાઈના પ્રમાણથી કરવાનું કહ્યું છે. આ રત્નનાં અંતમાં પીઠ વિનાના દેવાલયોથી ભવનાદિનો નાશ થાય છે. એમ કહી જગતીપીઠમાનનું મહત્ત્વ રજૂ કર્યુ છે.

## ✵ તૃતીય રત્ન

### મંડોવરથી દ્વારશાખા લક્ષણાધિકાર

મંડોવરના અંગોનું સ્વરૂપ, લક્ષણ, મંડોવરનો નકશો તથા ફોટાઓ પ્રાસાદના ગભારાના પાંચ પ્રકાર અને ભદ્રાદિ ફાલનાઓનું વર્ણન કરેલું છે. પ્રાસાદની દિવાલની જાડાઈનું પ્રમાણ, પ્રાસાદને ભ્રમણી કરવા વિશે પ્રાસાદના ભદ્રની પાંચ નાસિકાઓ, સાત નાસિકાઓ, મંડપ વિધાન, ગોખલો, પ્રાસાદની કોળીનું પ્રમાણનું વિધાન કરેલું છે.

ત્યારપછી શ્લોક ૧૨૬ થી ૧૪૩ સુધી દ્વારમાન કહ્યા છે. જેમાં નાગરાદિ દ્વારમાન, દ્વિતીય દ્વારમાન, ભૂમિજાદિ પ્રાસાદ દ્વારમાન, દ્રાવિડાદિ દ્વારમાન અને પરસ્પર દ્વારમાન કરવા વિષે કહ્યું છે. ત્યારબાદ દ્વારશાખા લક્ષણ પણ કહ્યું છે. દ્વારની પહોળાઈ, લંબાઈ રૂપસ્તંભનું પ્રથમ પ્રમાણ, બીજું

પ્રમાણ, ત્રીજું પ્રમાણ અને પંચશાખા દ્વારમાન કહ્યું છે. ત્યારપછી પંચશાખા, સપ્ત, નવશાખા દ્વારમાન કહ્યું છે. આ બધા જ દ્વારમાન ફોટાઓ સહિત પુસ્તકમાં રજૂ થયેલ છે. જે ચિત્રાકર્ષક છે દ્વારના ઉદુંબરનું પ્રમાણ રજૂ થયેલું છે. શ્રીનેમિનાથ ભગવાનનાં દેરાસરનો દેરાણી-જેઠાણીનો ગોખલો (દેલવાડા માઉન્ટ આબુ)ના ફોટા રૂપે પુસ્તકમાં આલેખાયેલ છે. જે પૃષ્ઠ ૧૧૨ પર છે તે આકર્ષક છે.

## ✵ ચતુર્થ રત્ન

### મંડપથી પ્રતિમા દષ્ટિ લક્ષણાધિકાર

આ રત્નમાં ગ્રંથકારે પ્રાસાદોના મંડપો, પાંચ પ્રકારનાં મંડપ, મંડપના પદ વિભાગ, પ્રાસાદ તથા મંડપની સોપાન પંકિત પ્રમાણ, મંડપનાં સ્તંભની ઉંચાઈનું પ્રમાણ, પાટ તથા સ્તંભ સરખા કરવાનું વિધાન, સ્તંભની જાડાઈ પાંચ પ્રકાર, સ્તંભના ઘાટની પાંચ પ્રકારની જાતિ, જિનના દેવાલયોને મંડપ વિધાન પર (બાવન) અને ૭૨ (બોતેર) જિનાલયનો ક્રમ, પ્રાસાદની ચારે દિશામાં રથાશાલાદિનું વિધાન, ઉપાશ્રયવિધાન, જાળી તથા ગોખ મૂકવાનું પ્રમાણ મંડપમાં ઉપર ઘુમટ વિધાન, સામરણવિધાન, દેવતાઓના વાહન, પૂર્વ-પશ્ચિમ મુખના દેવતાઓ, અને મૂર્તિઓના પ્રમાણો રજૂ થયા છે.

ચતુર્થ રત્નમાં પ્રાસાદોના મંડપોનું વિધાન કરેલુ છે. પાંચ પ્રકારના મંડપપ્રમાણ જેમાં (૧) પ્રાસાદના પ્રમાણે (૨) સવાયો (૩) દોઢો (૪) પોણા બે ગણો (૫) દ્વિગુણો મંડપ કરવો. આ પાંચ પ્રકારો છે. વર્ધમાનાદિ આઠ પ્રકારનાં મંડપ કહ્યા છે. જેમાં વચ્ચે નૃત્ય મંડપોના સ્તંભોના દેખાવ ફોટારૂપે મૂકેલા છે. મંડપનાં પદવિભાગ – મંડપમાં પાંચ ભાગ કરી મધ્યશાલાનું પદ ભાગ બે, સાત ભાગ કરી ભાગ ત્રણ અને નવ ભાગ કરી ભાગ ચારનું કરવું. આ મંડપની મધ્યશાલાનું અર્થાત્ વચ્ચેના પદનું પ્રમાણ જાણવું. સ્તંભોને અનુસરી ચોરસ તથા અષ્ટાંશ મંડપ કરવો શુભ છે. તેમજ મંડપ ઉપર સામરણ તથા ઘુંમટ કરવો અને તેની ઉંચાઈ પહોળાઈના અર્ધભાગે કરવી. આ વિષયનું વર્ણન ગ્રંથકારે જેને આધાર માનીને કરેલ છે તેનો ઉલ્લેખ અને ચિત્રાર્થ માહિતી નિમ્ન પ્રકારે છે.

તારંગાજી જૈન પ્રાસાદનું તલદર્શન પૃષ્ઠ૧૧૭
રૂદ્રમાળના પ્રાસાદોનું તલદર્શન સિદ્ધપુર પૃષ્ઠ ૧૧૮
રૂદ્રમાળનો કોતરણી કામ રહેલો અવશેષ ભાગ સિદ્ધપુર પૃષ્ઠ ૧૧૯

શરૂઆતમાં જ રૂદ્રમાળના કોતરકામ, સિદ્ધપુર (ગુજરાત) રૂદ્રમાળના ચાર સ્તંભો, નવચોકીની ઘુમટીની અંદરનો દેખાવ (કુંભારીયાજી) ગૂઢ મંડપ ઉપરનું સામરણ (કુંભારીયાજી), જૈન દેરાસર, વિદ્યાધરોમાં કરેલા સ્વરૂપો (કુંભારીયાજી), શણગાર ચોકી અને તેની ઉંચાઈનું પ્રમાણ જૈન દેરાસરના ગૂઢ મંડપની આગળ છ ચોકીની વેદિકાના પડખાનો દેખાવ (કુંભારીયાજી) નવચોકી અને નૃત્યમંડપ જૈન દેરાસર (કુંભારીયાજી), રાણકપુર અને તીર્થંકરોમાં ચારિત્ર્યનો દેખાવ (શ્રીકુંભારીયાજી) પુંડરીકજીનો પાર્શ્વદર્શનનો દેખાવ, શેઠ હઠીસીંગ જૈન દેરાશર, અમદાવાદ. ૧૧૬ થી માંડીને ૧૬૧ સુધીના પૃષ્ઠ પર પથરાયેલું છે. જે ફોટાઓ અને નકશાઓ મનને સ્પર્શી જાય તેવા છે.

આ રત્નના અંતમાં, સર્વદેવતાઓનાં પંચવિધ સિંહાસન, દેવતાઓના સ્થાનોનો મંડલ, દેવતાઓનાં સ્થાનોના ૨૮ ભાગ, જૈન પ્રતિમાનું સિંહાસન કરવા વિષે, શિવલિંગની જળાધારીનું પ્રમાણ, જળાધારી કરવાના સ્વરૂપનાં ૧૮ ભાગ તથા નકશો, ૧૦ પ્રકારની જળાધારીનું પ્રમાણ, શિવનું જળાધારી, લિંગ, પ્રણાલ, માર્ગ વગેરે વિશે નોંધો છે. વળી, જૈન પ્રતિમાઓની દષ્ટિ, લક્ષ્મી નારાયણની દષ્ટિ, સર્વ દેવતાની દષ્ટિનું પ્રમાણ વગેરે પણ ચતુર્થ રત્નના અંતમાં જોવા મળે છે.

### ✵ પંચમ રત્ન

### શિખર અને નિર્દોષ લક્ષણાધિકાર

આ રત્નમાં જુદા-જુદા પ્રાસાદોના લક્ષણોની વાત શરૂઆતમાં કરવામાં આવી છે.

નાગરાદિ, દ્રવિડાદિ અને સાંધારાદિ પ્રાસાદનાં લક્ષણ, લતિન, શ્રીવત્સ અને નાગરાદિ જાતિના લક્ષણ, જુદા-જુદા આકારનાં પ્રાસાદો, ૪ થી ૧૧૨ ભાગ સુધી પ્રાસાદોના તલ કરવાનું પ્રમાણ છે. પ્રાસાદનાં અંગાનુસાર શૃંગો ચઢાવવાનું વિધાન છે. શિખરના સ્કંધનું પ્રમાણ બતાવ્યું છે. જેમાં રેખાના મૂળમાં દશ ભાગ કરવા અને ઉપરનો સ્કંધ છ ભાગનો કરવો, છ ભાગથી મોટો સ્કંધ કરવાથી દોષકર્તા થાય છે અને પાંચ ભાગથી નાનો કરવામાં આવે તો શોભાયમાન થતો નથી. તેથી સર્વપ્રકારે પ્રમાણથી અધિક સ્કંધ કરવો નહિ. પરંતુ શાસ્ત્રની દષ્ટિથી માન અને પ્રમાણયુકત કરવો. આમ, કરવાથી આયુષ્ય, આરોગ્ય અને ભાગ્યની પ્રાપ્તિ થાય છે.

ત્યારબાદ ધ્વજાપુરૂષ પ્રમાણ, બીજા માન શિખરનાં આમલાસારાનું પ્રમાણ, આમલસારા તથા ઈંડા (કળશ) પ્રમાણ, ધ્વજાની પતાકાનું પ્રમાણ, શિખરને ધ્વજા ચઢાવવાનું પુણ્ય પણ કહ્યું છે.

આ જ પ્રકારે પ્રસ્તુત ગ્રંથના પૃષ્ઠ ૧૯૫, ૧૯૬ પર શ્રી સોમનાથ મહાદેવના પ્રાસાદનો નકશો, મોઢેરાના પ્રાસાદના દ્વારનો નકશો, જીર્ણોદ્ધાર કરવાથી થતાં પુણ્યની વાત કરવામાં આવી છે.

નિર્દોષ પ્રકરણમાં જીર્ણોદ્ધાર કરતી વખતે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે આચાર્ય તથા શિલ્પીની સલાહ લઈ જીર્ણોદ્ધાર કરવો. દ્વાર અને શિવાલયના જીર્ણોદ્ધારની વાત કરી છે. દેવાલયનું પ્રમાણભાનમાં શિખર અને દેવતાઓ સંબંધી વાત કરવામાં આવી છે. શાસ્ત્રની મર્યાદા અને વિધિનો ત્યાગ કરી જે કર્તા કેવળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પ્રાસાદ, મઠ કે મંદિર કરી લે છે તે સર્વથા નિષ્ફળ જાય છે. અર્થાત્ કેવળ બુદ્ધિના આધારે કરેલા પ્રાસાદ, મઠ, કે મંદિરનું સમગ્ર ફળ નાશ પામે છે. માટે શાસ્ત્રમાર્ગ છોડી અહમ્ બુદ્ધિથી કદાપિ કાર્ય કરવું નહિ.

આ પ્રકરણમાં ગૃહ સંબંધી વાતો વિશેષ રૂપે રજૂ થયેલી છે. ઘરની દિવાલોમાં લગાડવાનાં ચિત્રો, ચાર પ્રકારનાં પ્રવેશ, ઘરનો આકાર, ઘરની જમીન, ખૂણાવેધ, ઘરની ભીંતો, દ્વારસ્થાપન, દ્વારનાં કમાડ અને દ્વારની સામે વૃક્ષોનું હોવું અને ન હોવું માનવી માટે કેટલુ સુખકર છે તેનું વિધાન કરતાં શ્લોકો રજૂ થયેલા છે.

શાસ્ત્રવિધિ રહિત દેવમંદિર તેમજ પ્રજા અગર રાજાનું ઘર કરવામાં આવે તો તે અશુભ

જાણવું. તેવા ઘરમાં નિવાસ કરવો શ્રેયસ્કર્તા નથી.

વળી, આ જ પ્રકરણમાં કયા વૃક્ષો વાવવા શ્રેયસ્કર છે ? તેની વાત કરી છે. કીર્તિસ્તંભ પણ દેવાલયની આગળ કે રાજમહેલના દ્વાર આગળ કરવી. એ જ કીર્તિસ્તંભનું માન, લક્ષણ અને સ્વરૂપ વિધાન કહ્યું છે.

## ❋ છટ્ઠુ રત્ન

### કેશરાદિ પ્રાસાદ લક્ષણાધિકાર

કેશરાદિ પ્રાસાદ લક્ષણાધિકારમાં પચ્ચીસ પ્રાસાદો સર્વ કામનાઓના ફળને આપનારા છે અને ત્રણે લોકમાં પૂજવા યોગ્ય છે એમ કહ્યું છે.

પચ્ચીસ પ્રકારો કહ્યા છે.

(૧) કેશરી (૨) સર્વતોભદ્ર (૩) નંદન (૪) નંદશાલિક (૫) નંદીશ (૬) મંદિર (૭) શ્રીવત્સ (૮) અમૃતોદ્ભવ (૯) હિમવાન્ (૧૦) હેમકૂટ (૧૧) કૈલાસ (૧૨) પૃથિવીજય (૧૩) ઈન્દ્રનીલ (૧૪) મહાનીલ (૧૫) ભૂધર (૧૬) રત્નકૂટ (૧૭) વૈડૂર્ય (૧૮) પદ્મરાગ (૧૯) વજક (૨૦) મુકુટોજ્જવલ (૨૧) ઐરાવત (૨૨) રાજહંસ (૨૩) વૃષભપ્રાસાદ (૨૪) ગરૂડ (૨૫) પ્રાસાદરાજ મેરૂ.

ઉપર્યુકત  બધા જ પ્રાસાદો સુંદર ચિત્રોથી યુકત છે. એક-એક પ્રાસાદનાં એક એક ચિત્ર મનોહારી છે જે પ્રાસાદ કેવો હોઈ શકે તનું ચિત્ર સ્પષ્ટ કરે છે.

## ❋ સપ્તમ રત્ન

### તિલક સાગરાદિ પ્રાસાદલક્ષણાધિકાર

આ રત્નમાં તિલકાસાગર આદિ પચ્ચીસ પ્રાસાદો શરૂઆતમાં જ પ્રભુ શ્રી વિશ્વકર્મા ઉર્પયુકત પ્રાસાદોની ઉત્પતિ ક્ષીરાણર્વમાંથી થયેલી છે. તેમ કહી બધાના પ્રકારો કહેલા છે. પચ્ચીસ પ્રકારો નીચે મુજબ છે.

(૧) તિલકસાગર (૨) ગૌરીતિલક (૩) રૂદ્રતિલક (૪) શ્રીતિલક (૫) હરિતિલક (૬) લક્ષ્મીતિલક (૭) ભૂતિલક (૮) રંભાતિલક (૯) ઈન્દ્રતિલક (૧૦) મંદિરતિલક (૧૧) હેમવાનતિલક (૧૨) કૈલાશતિલક (૧૩) પૃથિવીતિલક (૧૪) ત્રિભુવનતિલક (૧૫) ઈન્દ્રનીલતિલક (૧૬) સર્વાંગતિલક (૧૭) સુરવલ્લભતિલક (૧૮) સિંહતિલક (૧૯) મકરધ્વજતિલક (૨૦) મંગલતિલક (૨૧) તિલકાક્ષ (૨૨) પદમતિલક (૨૩) સોમતિલક (૨૪) વિજયતિલક (૨૫) ત્રૈલોકયતિલક

આ પ્રાસાદો બધા જ ભુવનોમાં ઉત્તમ છે. આ પ્રાસાદોના પણ ઈડકો, તિલક વગેરેમાં વિભાજીત છે. તેમજ જુદા-જુદા પ્રત્યંગોનું વર્ણન કરેલું છે. જે ફોટાઓ રૂપે રજૂ થયેલું છે.

આ બધા પ્રકારોના વર્ણન બાદ અંતમાં, આ પ્રાસાદનો કર્તા કરનારાઓની સાથે અથર્વ

નામના દેવલોકને પામે છે અને સ્વર્ગપ્રાપ્તિ થઈ દેવત્વ મેળવે છે જે વિધિ છોડી બીજી રીતે પ્રાસાદ રચે છે એવો અલ્પબુદ્ધિ શિલ્પી પોતે તથા કર્તા બંનેના કુળને નિર્વંશ બનાવે છે. માટે સર્વપ્રયત્નથી શાસ્ત્રદષ્ટિયુકત પ્રાસાદો કરાવવા. શાસ્ત્રદષ્ટિથી થયેલા પ્રાસાદો કર્તા તેમજ કરનારનાં આયુષ્ય અને સૌભાગ્યની વૃદ્ધિ કરે છે.

✵ **અષ્ટમ રતન**

**ઋષભાદિ પ્રાસાદ લક્ષણાધિકાર**

આ રત્નમાં વિશ્વકર્માના પુત્ર જયે વિશ્વકર્માને શ્રી જિનેન્દ્ર પ્રભુ ઋષભાદિ તીર્થંકરોના પ્રાસાદોની રચનાવિધિ વિશે પૂછયું તેના જવાબમાં વિશ્વકર્માએ ઋષભાદિ પ્રાસાદોની ઉત્પત્તિ, અંગો, તલો અને શિખરાદિનો વિચાર વ્યકત કર્યો છે અને આ પ્રાસાદો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થોને આપનારા છે. તે જિનેન્દ્ર પ્રભુઓને વિશેષ પ્રિય છે.

શ્લોક ૧૨ થી ૨૪ની અંદર ૭૨ પ્રાસાદો જે ઋષભ વગેરે છે તેનું વર્ણન કરેલું છે.

(૧) ઋષભ (૨) કૈલાસ (૩) સુરેન્દ્ર (૪) અજિત (૫) ગજેન્દ્ર (૬) વિશાલ (૭) સ્વયંભૂ (૮) ક્ષીરાક્ષ (૯) સંતોષ (૧૦) અભિનંદન (૧૧) અવિઘ્ન (૧૨) પ્રમોદ (૧૩) સુરવલ્લભ (૧૪) સુમતિ (૧૫) સુબુદ્ધિ (૧૬) સુપ્રિય (૧૭) પદ્મપ્રભુ (૧૮) પદ્મરાગ (૧૯) પુષ્ટિદ (૨૦) સુપાર્શ્વ (૨૧) સુનંદન (૨૨) શ્રી વલ્લભ (૨૩) ચન્દ્રપ્રભ (૨૪) ચન્દ્રશેખર (૨૫) વિમાન (૨૬) સુવિધિ (૨૭) સુશ્રિય (૨૮) વસુપુષ્પ (૨૯) શીતલ (૩૦) શ્રિયેન્દુ (૩૧) દનુરાજ (૩૨) શ્રિયાંશ (૩૩) શ્રીવત્સ (૩૪) પુત્રદ (૩૫) શીતલ (૩૬) કીર્તિદાયક (૩૭) મનોહર (૩૮) સ્વકુલ (૩૯) કુલનંદન (૪૦) વાસુપૂજય (૪૧) રત્નસંભવ (૪૨) વિમલ (૪૩) મુકિતસંઘટ્ટ (૪૪) અન્નત (૪૫) સુરેન્દ્ર (૪૬) વૃક્ષરાજ (૪૭) ધર્મદ (૪૮) ધર્મવૃક્ષ (૪૯) શાન્ત (૫૦) કામદાયક (૫૧) કુન્થુદ (૫૨) શકિતદ (૫૩) હર્ષણ (૫૪) કમલકન્દ (૫૫) કેવલી (૫૬) અર્હન્ત (૫૭) મહેન્દ્ર (૫૮) પાપનાશન (૫૯) માનસંતુષ્ટિ (૬૦) ગૌરવ (૬૧) સુમતિકીર્તિ (૬૨) જિનેન્દ્રાયતન (૬૩) રાજેન્દ્ર (૬૪) નેમીન્દ્ર (૬૫) યતિભૂષણ (૬૬) સુપુષ્પ (૬૭) પાર્શ્વવલ્લભ (૬૮) પદ્માવૃત (૬૯) પરૂપ (૭૦) વીરવિક્રમ (૭૧) મષ્ટાદય (૭૨) તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ

આ બોંતેર પ્રાસાદો જે જિનદેવોને પ્રિય છે તે સર્વ જિનાલયોનાં નામો શ્લોકો સહિત આપેલા તેના તલભાગના ફોટાઓ આખા મંદિરોના ફોટાઓ અને ગૂઢ મંડપ એટલે કે અમુક ભાગોના ફોટાઓ આપેલા છે જે જોઈને ચકિત થઈ જવાય છે.

✵ **નવમુ રત્ન**

**વૈરાજયાદિ પ્રાસાદ લક્ષણાધિકાર**

નવમા રત્નમાં વૈરાજયાદિ પચ્ચીસ પ્રાસાદોનું સ્વરૂપ તથા લક્ષણ કહ્યા છે.

| | |
|---|---|
| એકાંગીનો | ૧ |
| ત્રયાંગના | ૩ |
| પંચાગના | ૫ |
| સપ્તાંગના | ૭ |
| નવાંગના | ૯ |
| કુલ | ૨૫ |

- **એકાંગી**

(૧) વૈરાજય

- **ત્રિઅંગી**

(૧) નંદન (૨) સિંહકર્ણ (૩) શ્રીનંદન

- **પંચાગી**

(૧) મંદિર (૨) મલય (૩) વિમાન (૪) સુવિશાલ (૫) ત્રલોકયભૂષણ

- **સપ્તાંગી**

(૧) મહેન્દ્ર (૨) રત્નશીર્ષ (૩) સિતશૃંગ (૪) ભૂધર (૫) ભુવનમંડપ (૬) ત્રૈલોકયવિજય (૭) ક્ષિતિવલ્લભ

- **નવાંગી**

(૧) મહીધર (૨) કૈલાસ (૩) નવમાલ્ય (૪) ગંધમાદન (૫) સર્વાંગસુંદર (૬) વિજયાનંદ (૭) સર્વાંગ તિલક (૮) મહાભોગ (૯) મેરૂ

આ પ્રાસાદોનું સ્વરૂપનિર્વાણ વિધિપ્રમાણે કહ્યું છે જે તલ છંદનું નિરૂપણ કરનાર છે.

વળી, આ બધા જ પ્રાસાદો સમતલ અને સમદલ જાણવાની વાત કહી છે. સમજાતિ અને સમસૂત્રવાળા આ પ્રાસાદોને શુદ્ધચ્છંદના પ્રાસાદો કહ્યા છે. વળી, તે વિવિધ અંગોવાળા તેમજ વિભકિતવાળા તથા અનેક પ્રકારનાં શિખરોવાળા તથા વિચિત્ર પ્રકારના કર્મ વડે (ઈંડકો) સુશોભિત કરવામાં આવે છે.

વૈરાજયપ્રાસાદો સર્વકામનાઓને આપનાર છે. જેમાં રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સૂર્ય નિવાસ કરે છે અર્થાત્ આ પ્રાસાદ રૂદ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને સૂર્યને માટે કરવાનું વિધાન છે. બધા જ પ્રાસાદોના સ્વરૂપ અને લક્ષણો કહ્યા છે.

વળી, આ વૈરાજય પ્રમુખ નાગરઆદિ પ્રાસાદો સર્વ દેવતાઓને પ્રિય છે અને વિશેષ કરીને શિવને વધારે પ્રિય છે. આ રત્નમાં પણ અન્યરત્નોની જેમ ફોટાઓ તથા નકશાઓ પ્રાસાદના આપેલા છે જે ચિત્તાકર્ષક છે.

## ❋ દશમું રત્ન

## મેર્વાદિપ્રાસાદલક્ષણાધિકાર

આ રત્નમાં સૌ પ્રથમ જયેષ્ઠ મેરૂનું સ્વરૂપ વર્ણન કર્યું છે. ત્યારબાદ મધ્યમ (ફોટા સહિત) અને પછી કનિષ્ઠ મેરૂ પ્રાસાદનાં સ્વરૂપ, અંગોનું વર્ણન કરેલ છે.

તે પરથી અનુક્રમે (૧) જયેષ્ઠ (૨) મધ્યમ (૩) કનિષ્ઠ (૪) મંદિર પ્રાસાદ (૫) લક્ષ્મીકોટર (૬) કૈલાશ પ્રાસાદ (૭) પંચવકત્ર (૮) વિમાન પ્રાસાદ (૯) ગંધમાદન (૧૦) મુકતકોણ પ્રાસાદ (૧૧) ગિરિપ્રાસાદ (૧૨) તિલકપ્રાસાદ (૧૩) ચન્દ્રશેખર પ્રાસાદ (૧૪) મંદિરતિલક પ્રાસાદ (૧૫) સૌભાગ્ય પ્રાસાદ (૧૬) સુન્દર પ્રાસાદ (૧૭) શ્રીતિલક પ્રાસાદ (૧૮) અષ્ટાદશ પ્રાસાદ (૧૯) શ્રીપર્વતકૂટ પ્રાસાદ (૨૦) નંદિવર્ધન પ્રાસાદ

આ નંદિવર્ધન પ્રાસાદ ૨૨ તલભાગ, ૫૭ ઈંડક અને ૪૦ તિલકોથી શોભાયમાન છે. આવી જ રીતે અન્ય પ્રાસાદો પણ જુદા જુદા તલભાગો અને ઈંડકોથી શોભાયમાન છે.

## ❋ અગિયારમું રત્ન

## દેવમૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર

આ રત્નમાં સૌ પ્રથમ આ વિભાગમાં પ્રાસાદમાં સ્થાપવાની લિંગ તેમજ મૂર્તિઓનું પ્રમાણ શાસ્ત્રદષ્ટિથી કરવું તથા મનુષ્ય, પશુઓને પક્ષી આદિ સ્વરૂપો તેમની આકૃતિઓ પ્રમાણે કરવા. અર્થાત્ આ સર્વેનું રૂપવિધાન કહ્યું છે. સૌ પ્રથમ શિલા પરીક્ષા કહી છે. શિલા મુહૂર્ત વિધાન, શિલા જાતિ, ઘરમાં પ્રતિમા પૂજવાનું પ્રમાણ, પ્રાસાદમાં પૂજવાની પ્રતિમા, પ્રાસાદ વિના પૂજય પ્રતિમા, શુભમૂર્તિ, ખંડિત મૂર્તિ વિચાર, પુનઃસંસ્કાર યોગ્ય મૂર્તિ, ભૈરવ અને મુખ્ય પ્રાસાદ ન કરવા વિશે તેમજ અધિકહીનાંગ મૂર્તિ નિષેધ, વિરૂપ મૂર્તિ વિધાન, સન્મુખ વત્સમાં નિષિદ્ધ કાર્ય, પાષાણમૂર્તિનું શિરવિધાન, એકતાલથી પાંચ તાલની મૂર્તિનું પ્રમાણ. તે જ રીતે છ થી સાત, આઠ થી દસ તાલ, અગિયાર થી તેર તાલ, ચૌદ થી સોળ તાલ. આ રીતે તાલ અનુસાર મૂર્તિવિધાન કહ્યું છે.

ત્યારબાદ શ્રીગણેશની પ્રતિમાનું સ્વરૂપ, તેનું માપ, સપ્તતાલ મૂર્તિ વિભાગ, અષ્ટતાલ મૂર્તિવિભાગ, નવતાલ મૂર્તિવિભાગ અને વિસ્તારથી મૂર્તિવિધાન કહ્યું છે. ત્યારબાદ મૂર્તિવિસર્જન, ગૃહમાં પૂજાનિષિદ્ધ મૂર્તિ, મૂર્તિનાં સ્વરૂપ-લક્ષણ-આયુધ વર્ણન કરેલા છે.

બ્રહ્માની મૂર્તિ, આસન, વગેરેનું વર્ણન કર્યું છે. સૌ પ્રથમ બ્રહ્મા, પિતામહ, વિરંચિની, સાવિત્રી, બ્રહ્માયતન, બ્રહ્માનાં અષ્ટ દ્વારપાલનું વર્ણન કરેલું છે. ત્યારબાદ ચારે દિશાનાં દ્વારપાળ, ઋગ્વેદનું,

યજુર્વેદનું, સામવેદ અને અથર્વવેદનું સ્વરૂપ કહ્યું છે. ત્યારપછી નૃત્યશાસ્ત્રનું સ્વરૂપ, વિશ્વકર્માનું સ્વરૂપ, ઋષિનું સ્વરૂપ કહ્યું છે. ત્યારબાદ સૂર્યની બાર મૂર્તિઓનું વર્ણન કરેલું છે. (૧) સુધામ્રી (૨) મિત્રા (૩) આર્યમણી (૪) રૌદ્રી (૫) વારૂણી (૬) સંમતા (૭) ભગમૂર્તિ (૮) વિશ્વમૂર્તિ (૯) પૂષા (૧૦) સાવિત્રી (૧૧) ત્વાષ્ટ્રી (૧૨) વૈષ્ણવી ના નામ કહી તેના સ્વરૂપનું વર્ણન કરેલું છે.

બાર આદિત્ય (૧) ધાતા (૨) મિત્ર (૩) અર્યમા (૪) રૂદ્ર (૫) વરૂણ (૬) સૂર્ય (૭) ભગ (૮) વિવસ્વાન (૯) પૂષા (૧૦) સવિતા (૧૧) ત્વષ્ટ્રા (૧૨) વિષ્ણુ નામો જણાવી, પંચદેવ પ્રતિષ્ઠા કરવાનું વિધાન છે. સૂર્ય, ગણેશ, વિષ્ણુ, ચંડી, શંભુ આ પંચદેવ છે પૂજવાનું કહી તેનું મહત્ત્વ રજૂ કર્યું છે.

સૂર્યાયતનમાં બીજા ગ્રહોનું સ્થાન જણાવી, સૂર્યનાં આઠ દ્વારપાલના નામ અને સ્વરૂપ કહ્યા છે.

પ્રાચીન દેવાલયમાં કોતરેલી મૂર્તિઓનાં નમૂના અને પ્રાચીન પ્રાસાદોના મંડોવરમાં કરેલી મૂર્તિઓનું વિધાન કર્યું છે. સાથે સાથે તેમના ફોટાઓ ખૂબ જ સુંદર છે. જે 'શિલ્પરત્નાકરઃ'ના પૃ. ૪૧૨ અને ૪૧૩માં રજૂ થયેલા છે.

જુદી જુદી દિશાના દ્વારપાલ અને નવગ્રહમૂર્તિ સ્વરૂપ, લક્ષણો કહ્યા છે. ગ્રહોનાં વર્ણ, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ, કેતુ અને ગૃહના સ્વરૂપની વાત કરેલી છે. આઠ દિગ્પાલ ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈઋતિ, વરૂણ, વાયુ, કુબેર, શંકર વિષ્ણુની  ચાર મૂર્તિ, દ્વિજાતિ પૂજયા મૂર્તિ, વિપ્ર પૂજયા મૂર્તિ, ક્ષત્રિય પૂજયા અને વૈશ્ય પૂજયા મૂર્તિ, શૂદ્ર પૂજયા મૂર્તિનું વિધાન કરેલું છે. જુદા-જુદા વર્ણોમાં ધોબી, મોચી, કુંભાર બ્રહ્મચારીઓ, એકદંડી સન્યાસીઓ માટે પણ કઈ મૂર્તિ પૂજવી તેનું વિધાન કરેલું છે. સર્વવર્ણ પૂજયા મૂર્તિમાં હરિ, હર, હિરણ્યગર્ભ, નરસિંહ, વામન અને વારાહની મૂર્તિઓ સર્વવર્ણોને સુખ તથા કલ્યાણકર્તા છે.

વિષ્ણુની ૨૪ મૂર્તિઓનું સ્વરૂપ, લક્ષણ કહ્યું છે. (૧) વાસુદેવ (૨) કેશવ (૩) નારાયણ (૪) માધવ (૫) પુરૂષોત્તમ (૬) અધોક્ષજ (૭) સંકર્ષણ (૮) ગોવિંદ (૯) વિષ્ણુ (૧૦) મધુસૂદન (૧૧) અચ્યુત (૧૨) ઉપેન્દ્ર (૧૩) પ્રદ્યુમ્ન (૧૪) ત્રિવિક્રમ (૧૫) વામન (૧૬) શ્રીધર (૧૭) નરસિંહ (૧૮) જનાર્દન (૧૯) અનિઢદ્ધ (૨૦) હૃષિકેશ (૨૧) પદ્મનાભ (૨૨) દામોદર (૨૩) હરિ (૨૪) કૃષ્ણ આ સર્વે મૂર્તિઓ અને તેના આયુધોનું વર્ણન શ્લોક નં. ૧૨૫ થી ૧૩૫ સુધીમાં કરેલું છે.

શ્લોક નં. ૧૪૦ થી ૧૪૩ શ્લોક સુધી દશાવતારોનું વર્ણન કરેલું છે. ત્યારબાદ શાલિગ્રામ-મૂર્તિલક્ષણ, શુભ લક્ષણ જે નિષિદ્ધ લક્ષણ વાળી હોય તે અપૂજય છે. વર્ણ પરથી શાલિગ્રામની મૂર્તિના પ્રકાર કહ્યા છે. વર્ણ મુખ લક્ષણ, લક્ષ્મીનારાયણ શાલિગ્રામ, પ્રતિષ્ઠા અવિધાન શાલિગ્રામ, આહુતિ પુણ્ય, ગરૂડ, ગરૂડનું સ્વરૂપ, વૈકુંઠ, વિશ્વરૂપ, અનંત, ત્રૈલોકય મોહન, વિષ્ણુ-આયતન, વિષ્ણુનાં આઠ દ્વારપાલ જેમાં પૂર્વ દિશા, દક્ષિણ દિશા, પશ્ચિમ દિશાનાં, ઉત્તર દિશાનાં જાણવા.

અગિયારમાં રત્નનાં અંતમાં જુદી–જુદી દેવીઓનાં સ્વરૂપ લક્ષણ, વર્ણન, આપેલા છે. જેમાં ઉમાદેવી, પાર્વતી, ગૌરી, રંભાગૌરી, ચામુંડાગૌરી, ત્રિપુરાગૌરી ગૌરીનાં આઠ દ્વારપાલિકાઓનું વર્ણન કરેલું છે. શ્રી ગણેશનું સ્વરૂપ, લક્ષણ અને તેના પણ આઠ દ્વારપાલનું વર્ણન છે. શ્રી કાર્તિક સ્વામી, પંચ લીલાદેવી, મહાલક્ષ્મી, ક્ષેમકરી, હરસિદ્ધિ, ત્રણ માતૃ દેવી, ચામુંડા, યોગેશ્વરી, પ્રશંસા, કાત્યાયની દેવી, મહિષાસુરમર્દિની ચંડિકા તેમજ ચંડિકાનાં આઠ દ્વારપાલ, લક્ષ્મી, મહાલક્ષ્મી, મહાવિદ્યા અને સરસ્વતી, બ્રહ્માણી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, ઈન્દ્રાણી, રકત ચામુંડા, વીરેશ્વર ભગવાન, ક્ષેત્રપાલ, બટુક ભૈરવ અને આઠ આયોનું સ્વરૂપ વર્ણવેલ છે.

## ❋ બારમું રત્ન

### જિન પ્રતિમા સ્વરૂપ લક્ષણાધિકાર

આ રત્નની શરૂઆતમાં શ્રી જિનમૂર્તિ સ્વરૂપ, લક્ષણ કહ્યા છે. ત્યાર પછી ચોવીસ તીર્થંકરોના નામ વર્ણ, જન્મ, નક્ષત્ર, જન્મ, રાશી, ચોવીસ યક્ષના નામ, યક્ષિણીના નામ, ૧૬ વિદ્યાદેવીના નામ, યક્ષ–યક્ષિણી સ્વરૂપ–લક્ષણ, વિદ્યાદેવી–સ્વરૂપ લક્ષણ, દેવીઓના આયુધની ઉંચાઈનું પ્રમાણ, જિનદેવના આઠ દ્વારપાલનું વર્ણન કરેલ છે.

શ્લોક નં. ૧૦૯ થી ૧૧૨ સુધીમાં શ્રી જિન પ્રતિમા વિભાગ વર્ણનમાં જિન સ્વરૂપ, પ્રતિમામાપ, ઉભી પ્રતિમા અને બેઠી પ્રતિમાનું ચાર પ્રકારનું માપ કહેલું છે અને ઉભી જિનમૂર્તિનું પ્રમાણ કહ્યું છે.

ત્યારબાદ શિલ્પીએ માનપ્રમાણ છોડી, કયારેય કાર્ય કરવું નહિ. તેમજ કર્તાએ માનપ્રમાણ રહિત પણ કાર્ય કરાવવું નહિ. તેમ કરે તો ઘણાં દોષો થાય અને તે કાર્યમાં લાભ મળે નહિ. જો માનપ્રમાણમાં દોષ થાય તો મોટો ભય ઉત્પન્ન થાય છે અને સ્વામીના ધનનો નાશ થાય છે. વળી, અગિયાર આંગળની ઊંચી પ્રતિમા પણ કામ અને અર્થની સિદ્ધિ આપનારી જાણવી. પ્રતિમામાં શુભરેખા અને અશુભ રેખા અનુક્રમે શુભ અને અશુભ જાણવી. પ્રતિમાની દષ્ટિ અને અંગો વિશે વાત કરી છે. પરિકરનો નકશો પૃ. ૫૦૪ ઉપર છે. શોભાનું વર્તુળ કેવું કરવું તેનું પણ વિધાન છે. ખંડિત પ્રતિમા દોષકર્તા છે.

## ❋ તેરમું રત્ન

### પ્રતિષ્ઠા વિધિ લક્ષણાધિકાર

આ રત્નમાં વિધિયુકત પ્રાસાદ સંપૂર્ણ થાય ત્યારે શુભ મુહૂર્તમાં પ્રતિષ્ઠા કરવી. તે સર્વ પ્રકારની સિદ્ધિઓને આપનારી છે. જયારે સૂર્ય ઉત્તરાયણમાં હોય ત્યારે દેવતા વગેરેની સ્થાપના કરવી. પ્રાસાદના અગ્રભાગે તથા ઈશાનકોણમાં અને ઉત્તર દિશામાં ત્રણ, પાંચ, સાત, નવ, અગિયાર અને ચૌદ ગજના અંતરે મંડપની રચના કરવી શુભ છે. શુભવારે, શુભતિથિમાં પ્રતિષ્ઠાનો મંડપ કરવા માટે શુદ્ધ પૂર્વ દિશા સાધવી. તે પહેલા પૃથ્વીની બ્રાહ્મણાદિ વર્ણ તથા શલ્યાદિની પરીક્ષા કરવી અને ભૂમિને

વાળી, એક હાથ ખોદવી, તેમાં પાણી ભરી, વહેતું મૂકવું ત્યાર પછી શ્રેષ્ઠ બ્રાહ્મણો પાસે પુણ્યવચન બોલાવી, કૂર્મ, શેષનાગ, પૃથ્વી આદિ પુષ્પાદિ સામગ્રી વડે પૂજા કરવી.

મંડપમાં દ્વાર તથા મધ્યવેદીનું પ્રમાણ કહી અને ધ્વજા અને પતાકા વિશે કહ્યું છે. હોમ કરવાનો કુંડ કહ્યો છે તેનું પણ માપ અને સંખ્યા કહી છે. નવકુંડની રચના કરવાનું કહી હોમ સંખ્યા પ્રમાણે કુંડનું પ્રમાણ કહ્યું છે. મંડપ અને કુંડોની રચનાનો નકશો પૃષ્ઠ ૫૧૬ પર આપેલો છે.

ત્યારપછી આહુતિ વર્ણન કરતા કહે છે –

એક ગજનાં કુંડમાં દશ હજાર, બે ગજનાં કુંડમાં અર્ધો લાખ, ત્રણ ગજનાં કુંડમાં એક લાખ, ચાર ગજનાં કુંડમાં દશ લાખ, પાંચ ગજનાં કુંડમાં ત્રીસ લાખ, છ ગજનાં કુંડમાં અર્ધ કોટી (૫૦ લાખ) સાત ગજના કુંડમાં એંશી લાખ, આઠ ગજના કુંડમાં એક કોટી આહુતિ આપવી.

ત્યારબાદ કેટલી આહુતિઓ આપવી હોય તો કેટલા આંગળનો કુંડ બનાવવો તેનું વિધાન છે. અન્ય આચાર્યોના મતે કુંડમાન અલગ-અલગ છે.

(૧) પૂર્વ દિશાનો ચતુષ્કોણ (૨) અગ્નિકોણ (૩) અર્ધચંદ્ર કુંડ (૪) ત્રિકોણ (૫) વર્તુલ કુંડ (૬) ષટ્કોણ કુંડ (વાયવ્ય કુંડ) (૭) પદ્મ કુંડ (૮) અષ્ટકોણ કુંડ ત્યારબાદ મેખલા લક્ષણ, યોનિલક્ષણ, મંડલ વિધાન કરેલું છે.

પ્રતિષ્ઠા વખતે ઋત્વિજોને અર્ઘ્ય આપી, આમંત્રણ આપવું. દેવતાઓને સ્નાન કરાવી, વસ્ત્રો ઓઢાડવા. ત્યારપછી વજ્ર, વૈડૂર્ય, મોતી, ઈન્દ્રનીલ, સુનીલ, પુષ્પરાગ, ગોમેદ, પ્રવાલ વગેરે રત્નો મૂકી, ધાતુઓ અને અષ્ટ ઔષધિઓ મૂકવી. જવ, ડાંગર, કાંગ, જાર, તલ, ચોખા, મગ અને ઘઉં આ આઠ અનાજ અનુક્રમે પૂર્વાદિ દિશાઓમાં મૂકવા. ત્યાર પછી મહોત્સવ કરી, નૃત્ય કરાવી, માંગલિક ગીતો પછી દેવતાઓને નૈવેદ્ય ધરાવવું, આરતી ઉતારવી અને અંગન્યાસાદિ સર્વ પૂજાકાર્ય કરવા.

બ્રાહ્મણોના સંપ્રદાયોએ આગમ તથા વેદના સજીવન મંત્રો વડે દેવતાઓની પ્રતિષ્ઠા કરવી.

દેવતા સંબંધી આભૂષણ, પૂજા, વસ્ત્ર, અલંકાર, ભૂષણ એ સર્વ પદાર્થો શિલ્પીને આપવા અને યજ્ઞ સંબંધી સર્વ વસ્તુઓ આચાર્યને આપવી.

ત્યારબાદ પ્રાસાદનાં દેવતાઓનું પૂજન વિધાન બતાવ્યું છે. જેમ કે ગજપીઠમાં શ્રી ગણેશ, અશ્વપીઠમાં અશ્વિનીકુમાર, નરપીઠમાં નરદેવ અને ખરામાં પૃથ્વી દેવતાનું આવાહનપૂર્વક સ્થાપન કરવું. આ રીતે દ્વારશાખા કળશ, શિખર, ગભારા, સ્તંભો, જાંઘી, ઉદ્ગમ, ભરણી, શિરાવટી, કપોતાલી, અન્તરાલ, સુર અને કૂટછાદ્ય, આમલસારાના ગળામાં, છજાની ડાબી બાજુ અને જમણી બાજુ આ રીતે કર્ણથી ગર્ભ સુધી પ્રાસાદનાં પાંચે અંગોમાં દેવતાઓની સ્થાપના અને પૂજન કરવું.

જો પ્રાસાદનાં દેવતાનું પૂર્ણ રીતે પૂજન ન કરવામાં આવે તો પ્રાસાદ કરાવ્યાનું ફળ મળતું નથી.

પ્રતિષ્ઠા કર્યા પછી દેવાલય બંધ કરી પ્રથમ બ્રાહ્મણની કુમારિકાને દેવાલયમાં દર્શન કરાવવું અને ત્યારપછી સર્વેને દર્શન કરાવવા. જયારે સ્વામી પ્રાસાદનાં પુણ્યની પ્રાર્થના કરે ત્યારે સૂત્રધારે "हे स्वामीन्, तव अक्षयं पुण्यं भवतात् भूयात् " – 'હે સ્વામી! પ્રાસાદ કરાવ્યાનું અક્ષય પુણ્ય તમને પ્રાપ્ત થાઓ.' આ પ્રમાણે આશીર્વાદ આપવો. ત્યાર પછી સૂત્રધાર (મુખ્ય શિલ્પી)ની પૂજા કરવી. કારણ કે તેના હસ્તે થયેલું કામ કલ્યાણ, રિદ્ધિ અને સિદ્ધિને આપનારું થાય છે. વસ્ત્ર, સુવર્ણ અને ધનથી આચાર્યનું પૂજન કરવું અને પછી બ્રાહ્મણોને દાન આપવું.

દેવોની સ્થાપના, પૂજા અને દર્શનાદિ પાપનો નાશ કરનારા છે અને ધર્મની વૃદ્ધિ થવાથી મનુષ્યોને અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જૈન પ્રભુની પ્રતિષ્ઠા કઈ રીતે કરવી તેનું વિધાન કરેલું છે. ત્યારપછી વાસ્તુ પૂજન વિધાન કહ્યું છે.

(૧) કૂર્મશિલા સ્થાપન

(૨) દ્વારશાખા રોપણ

(૩) પદ્મશિલા સ્થાપન

(૪) ધ્વજાપુરૂષની સ્થાપના

(૫) ઘંટા સ્થાપના

(૬) ધ્વજ સ્થાપન

(૭) દેવ પ્રતિષ્ઠા

આ સાત કાર્યોમાં વાસ્તુપૂજન કરવું. ઉપરાંત ચૌદ વખત વાસ્તુ પૂજન કરવા વિશે કહ્યું છે. શ્લોક– ૯૫, ૯૬માં શાંતિકર્મ કરવાનું કહ્યું છે. સાતપુણ્યાહ પ્રતિષ્ઠાનું મહાફળ મળે છે. જન્મોજન્મ ભૂલોકમાં શાશ્વત રાજય પ્રાપ્ત થાય છે.

ત્યારપછી શ્લોક નં. ૧૦૪ થી ૧૧૦ થી વાસ્તુપુઢષની ઉત્પત્તિ વિષયક કથા કરી છે. ત્યારપછી વાસ્તુપૂજનનું મહત્વ રજૂ કર્યું છે. કેટલા પદ સુધીનો વાસ્તુ કરવું તેનું પણ વિધાન છે. ઉત્તમ વાસ્તુ લક્ષણ બતાવ્યું છે. ચોસઠ પદનાં વાસ્તુનાં ચોરસ ક્ષેત્રમાં આઠ ભાગ કરવા વચમાં ચાર ભાગમાં બ્રહ્મા, છ ભાગમાં અર્યમા, વૈવસ્વત વગેરે અને વાસ્તુનાં કોણના દેવતાઓ અર્ધા પદમાં તેમજ બાકીના દેવતા એક પદમાં સ્થાપવા. પૃષ્ઠ–૫૪૨ (૬૪ પદનો વાસ્તુ) જે આકૃતિ આપેલી છે ત્યાર પછી ૮૧ અને ૧૦૦ પદનો વાસ્તુ પણ આપેલા છે.

વાસ્તુપુરૂષના અંગ–ઉપાંગો પર કયા કયા દેવતાઓ રહેલા છે તેનું વિધાન શ્લોક નં. ૧૨૨ થી ૧૩૦ સુધીમાં કરેલું છે.

વાસ્તુપૂજનનું મહત્ત્વ સ્પષ્ટ કર્યા પછી વાસ્તુપૂજન વિધિ કહ્યો છે.

પ્રાસાદ આવા ઘરની ઉત્તર દિશાએ અગર ઈશાનકોણે શુદ્ધ મૃતિકાની બે ગજ સમચોરસ વેદી કરવી. પછી વેદિકા અથવા બાજોઠ પર બે ગજ સમચોરસ રેશમી શ્વેત વસ્ત્ર પાથરવું. તેમાં ચોખાનો સાથિયો કરવો. શ્વેત વસ્ત્ર ઉપર પીત વસ્ત્ર પાથરવું અને તેના ઉપર રકત વસ્ત્ર પાથરવું. અને તેના ઉપર સુવર્ણ અથવા પરવાળાંની વાસ્તુની રેખાઓ આલેખવી, પરંતુ જો શકિત ન હોય તો અક્ષત અથવા જવનો લોટ પાથરી સોનાની શલાકા વડે અથવા પરવાળા વડે વાસ્તુની રેખાઓ ખેંચવી. ત્યારપછી બ્રહ્માના સ્થાને જલપૂર્ણ કલશ સ્થાપવો.

ત્યારપછી કળશનાં દેવતાઓનું આવાહન કરવું, પછી પંચામૃત સ્નાન, શુદ્ધોદક સ્નાન, યજ્ઞોપવીત અર્પણ, વસ્ત્ર અર્પણ, અર્ચન પૂજન, પુષ્પ અર્પણ, ધૂપ અર્પણ, ઘૃતદીપ અર્પણ, નૈવેદ્ય, આચમન, તામ્બૂલ અપર્ણ, પ્રદક્ષિણા, નમસ્કાર જુદા-જુદા દેવોને, દિક્‌પાલોને કરી, અર્ઘ્ય, પુષ્પાંજલિ આપવી. શ્રીફળ નંગ ૨, રેશમી વસ્ત્ર નંગ ૩, તે બે બે ગજ સમચોરસ, શ્વેત, પીત અને રકતવર્ણનાં, ચોખા, સુવર્ણની મૂર્તિ અથવા પંચરત્નની પોટલી નંગ ૨ તથા વાસ્તુની મહાદક્ષિણા રૂ. સવા પાંચ તાંબાનો કળશ નંગ ૧ તથા ધોતી જોટો નંગ ૧, કેળાં, દાડમ, જામફળ, મોસંબી, નારંગી, કેરી વગેરે પાંચ-પાંચ અને બીજોરૂ નંગ-૧, ફળ-ફળાદિ, પુષ્પ, સિંદૂર, કપૂર, અગર, ચંદન, કેશર, અબીલ-ગુલાલ, ધૂપ-દીપ, કંકુ, નાડાછડી, નૈવેદ્યમાં પેંડા, બરફી, લાડું અને સાકર સવા શેર લઈ પંચામૃત લઈ પૂજન કરવું.

### ❋ ચૌદમું રત્ન

### જ્યોતિ મુહૂર્ત લક્ષણાધિકાર

આ વિભાગમાં ત્યાજ્ય પ્રકરણ આવેલું છે. કારણકે આ રત્નમાં તિથિ, વાર, નક્ષત્ર થી ઉત્પન્ન થયેલા દુષ્ટ યોગ તથા વ્યતિપાતાદિ-દુર્યોગ, ભદ્રા, અમાવસ્યા, સૂર્ય સંક્રાંતિ, જન્મ નક્ષત્ર, જન્મ તિથિ, જન્મ માસ, તિથિવૃદ્ધિ, તિથિક્ષય, પાપગ્રહો એ ભોગવેલા નક્ષત્ર તેમજ પાપગ્રહોથી યુકત નક્ષત્ર, પાપગ્રહો ભોગ્ય નક્ષત્ર અર્થાત પાપગ્રહ જે નક્ષત્ર પર જનાર હોય, પાપગ્રહોથી વીંધાયેલા નક્ષત્ર, પાપગ્રહોથી લત્તાયુકત નક્ષત્ર, ઉત્પાતનું નક્ષત્ર અને ગ્રહોથી ભેદાયેલા નક્ષત્ર ત્યજવાં.

સિંહસ્થ ગુરૂ, જુદા-જુદા લગ્નનાં સ્વામી, જન્મેશનો અસ્ત વગેરે વ્યાજય કહ્યા છે. ક્રુર ગૃહે ભોગવેલું કે ભોગવાતું કે ભોગ્ય નક્ષત્ર સર્વ કર્મમાં સિદ્ધિ દાતા હોવાથી ત્યાજય નથી પરંતુ શુભકાર્યમાં તો રાહુથી યુકત થયેલું નક્ષત્ર પ્રયત્નપૂર્વક ત્યજવું. ગ્રહથી હણાયેલ નક્ષત્ર દોષમુકત થઈ ચંદ્રનાં ભોગમાં આવ્યા પછી શુભ કાર્યને માટે યોગ્ય થાય છે અને ગ્રહણથી હણાયેલ નક્ષત્ર છ માસે શુદ્ધ થાય છે.

ગૃહારંભમાં કયો માસ શુભ છે, અશુભ છે તેનું વર્ણન ગ્રંથમાં શ્લોક નં. ૧૩ થી ૧૫માં કર્યું છે. ગૃહારંભમાં શુભાશુભ સંક્રાન્તિ, પ્રતિષ્ઠામાં લેવાના માસ, દેવતા વિશેષણ માસ વિશેષ, નંદાદિ

તિથિમાં કરવાના કાર્ય, સામાન્ય શુભાશુભ તિથિઓ, શુભાશુભ વાર, પ્રતિષ્ઠાના વાર, પ્રત્યેક વારમાં કરવાના કાર્ય, તેનું ગ્રહચક્ર, તિથિસંજ્ઞા ચક્ર વગેરે પ્રસ્તુત ગ્રંથના ચૌદમાં રત્નમાં આપેલા છે. ત્યાર પછી શુભાશુભ નક્ષત્ર, નક્ષત્રોમાં વિશેષ શુભાશુભ કાર્ય ગૃહારંભમાં પણ નક્ષત્ર અને વારનું ફળ કહ્યું છે. ખાસ કરીને પુષ્ય નક્ષત્રની પ્રશંસા કરી છે.

ચંદ્રમા અને તારા બલહીન હોય, પાપગ્રહોથી વીંધાયેલ હોય અથવા પાપગ્રહોથી યુકત હોય તો પણ પુષ્ય નક્ષત્રમાં સર્વ માંગલિક કાર્યો સિદ્ધ થાય છે. નક્ષત્ર કોષ્ટક પણ ગ્રંથમાં આપી ગ્રંથને સમૃદ્ધ બનાવવામાં આવ્યું છે.

આ પછી અશુભ-યોગો ત્યજવાનું કહ્યું છે. 'કરણ ચક્ર'માં શુભાશુભ કાર્યની માહિતી આપી છે.

રાશી લગ્નચક્રની માહિતી પૃષ્ઠ ૫૮૨ પર આપવામાં આવી છે.

૧૨ રાશિના પુરુષ તથા સ્ત્રીનાં ઘાત ચંદ્ર આદિ, ગ્રહબલ, ચંદ્રબલ, તિથિવાર સિદ્ધિયોગ, નક્ષત્રવાર, અમૃત સિદ્ધયોગ, યોગચક્ર, વળી નક્ષત્ર, વાર, તિથિ થી થતા અશુભ યોગચક્ર, સર્વદોષોનો નાશ કરનાર રવિયોગ છે. આનંદાદિ ૨૮ યોગનું ચક્ર, સિદ્ધિયોગ ચક્ર, કુલિકાદિ ચક્ર, તિથિ શૂન્ય લગ્ન ચક્ર, છાયા મુહૂર્ત, પ્રતિમા અને પ્રતિષ્ઠા કરાવનારને વૈર ભાવ જોવા વિશે લગ્નકુંડલી બનાવવાની રીત રાશિ ચક્ર, ગ્રહોની દૃષ્ટિ, લગ્નનાં ઘડી-પળ જોવાનું કોષ્ટક, લગ્ન શોધનની રીત, ગ્રહો બેસાડવાની રીત, નવમાંશ કુંડળી બનાવવાની રીત, લગ્નબળ વિચાર, ગૃહારંભમાં શુભ યોગો, ગૃહપ્રવેશ વખતે સૂર્ય જોવા વિષે, ચંદ્રમાનું ફળ, ચંદ્ર અને ગ્રહોથી થતાં ૪ યોગ, યુતિ દોષ, વિવાહ માટે શુભ યોગ, વૃષ ચક્ર (જે ગૃહારંભ વખતે જોવામાં આવે છે) કૂર્મ ચક્ર, દ્વાર ચક્ર, સ્તંભ ચક્ર, મોભ ચક્ર, ઘંટા ચક્ર, કલશ ચક્ર, આહુતિ ચક્ર વગેરે સુંદર રીતે ગ્રંથમાં આલેખાયેલા છે.

અંતમાં અમુક અપવાદોને રજૂ કરતાં ગ્રંથકાર કહે છે કે ભારદ્વાજ અને વશિષ્ઠ ગોત્રનાં વંશજો તથા જ્ઞાતિવાળાઓને વિશેષ કરીને વત્સદોષ લાગતો નથી તેમજ ચતુર્મુખ પ્રાસાદ, પુર, નગર, કૂપ, કુંડ, તડાગ વગેરે કરવામાં વત્સદોષ લાગતો નથી તથા દ્વારની અંદરનાં ભાગે બીજું દ્વાર મૂકવામાં અને મધ્યમાં ચતુર્મુખ ભૂમિને વત્સદોષ લાગતો નથી. તેવી રીતે પ્રતિષ્ઠાનો મંડપ બનાવવામાં વત્સદોષ લાગતો નથી. વત્સદોષ કદાચ હોય તો પણ તે શુભ છે.

ચૌદ પ્રકરણ બાદ પરિશિષ્ટ પ્રકરણ આપ્યું છે. જેમાં જૈન સિંહાસન માટે બીજી રીતે રાહુની સર્વાંગ મૂર્તિનું પ્રમાણ રજૂ કર્યું છે.

દ્વારમાં ઉભી પ્રતિમા કરવી, તેનું પ્રમાણ જાળવવું. પ્રતિમાનું પ્રમાણ જાળવવું. વળી, પ્રાસાદ અને મંડપની મધ્યે રહેલી કોળી ત્રણ પ્રકારની જાણવી. પ્રાસાદમા ને કરેલી કોળી વાસ્તુકર્મમાં સુખદાયક જાણવી.

જયેષ્ઠમાન, મધ્યમ માન, અને કનિષ્ઠ પ્રકારની કોળી જાણવી. ગભારાનું પ્રમાણ, છૂટા મંડપ અને ચોકીનાં થાંભલાની જાડાઈનું પ્રમાણ જાળવવું.

ઉત્સવ પ્રસંગે પ્રયત્નપૂર્વક શુભ મંડપોની રચના કરવી. પ્રાસાદ, રાજમહેલ, વાવકૂવા અને તળાવનાં અગ્ર ભાગે મંડપોની રચના કરવી. પ્રાસાદનાં અગ્રભાગે શુભ અને મનોહર મંડપો અનેક પ્રકારનાં થાય છે. પ્રાસાદનું દેવસ્વરૂપે વર્ણન કરેલું છે.

પાયાની શિલાઓ તેના પગરૂપે, પાયાની ઉપરનો ભાગ જગતી સુધીનો જંઘા, થાંભલાઓ, ઢીંચણ, ઘંટ જીભ, પ્રાણ દીપ, પ્રણાલ ગુદામાર્ગ, દેવતાનું સ્થાન નાભિ, પીઠિકા હૃદય, પ્રતિમા પુરૂષ જાણવો, હેકાર પગનો સંચાર, દીપનો પ્રકાશ ચક્ષુ, ઉપરનો ભાગ તેની પ્રકૃતિ, પ્રતિમા આત્મા જાણવો, કુંભાનાં તળાંચા નીચેનો ભાગ લિંગ, શુકનાસ નાસિકા, ગવાક્ષ કાન, શિખરનું બાંધણા મથાળું ખભો, આમલસારો કંઠ, કળશ મસ્તક અને ધ્વજા કેશો જાણવા.

પૃથ્વીમેદ ચૂનાનો લેપ માંસ, શિલાઓ હાડકાં, કોલ એટલે યૌવ, કુકરા વગેરે સ્નાયુ જાણવા. વિદ્વાન પુરૂષે સર્વ અંગો પરિપૂર્ણ પ્રાસાદનાં અખંડિત રૂપનું મનથી ધ્યાન કરવું. ૧૬ માતૃદેવીઓના નામ શ્લોક ૩૭, ૩૮માં આપેલા છે.

ત્યારપછી સૂત્રધારપૂજનવિધિ કહી છે. વળી, વાસ્તુકર્મ સોમપુરા જાતિનાં શિલ્પાચાર્યના હસ્તે કરાવવું ત્યારપછી દ્વારપ્રતિષ્ઠા વિધાન, તેની સામગ્રી કહી છે. વાસ્તુશાસ્ત્રની પ્રશંસા અને મહત્વ રજૂ કરતા કહે છે કે –

આ કલ્પ તથા કલ્પાતરમાં વાસ્તુશાસ્ત્રનો કર્તા બીજો કોઈ નથી પરંતુ વેદની માફક પ્રત્યેક યુગમાં વિશ્વકર્મા જ વાસ્તુશાસ્ત્રનાં ઉદ્ધાર કર્તા છે. મનુ વગેરે ઋષિઓ દ્વારા વાસ્તુશાસ્ત્ર પ્રકાશમાં આવ્યું, પહેલા સૃષ્ટિનાં આરંભમાં બ્રહ્મા સાથે આકાશમાંથી આ શાસ્ત્રનો ઉપદેશ થયેલો છે. બ્રહ્મા તથા વિશ્વકર્મા પાસેથી તપ કરી આત્મજ્ઞઋષિમુનિઓએ પ્રાપ્ત કરેલું છે.

ઈન્દ્ર, વિશ્વકર્મા, કુમાર આદિ અઢાર શૌનકે કહેલા વાસ્તુશાસ્ત્રનાં પ્રવર્તક જાણવા.

વળી, શૌનક, રાવણ, પરશુરામ, હરિ, ગાલવ, ગૌતમ, ગોભિલ, જય, વિજય, સિદ્ધાર્થ, અપરાજિત વિખ્યાચાર્ય, ગચ્છ, વીક્ષ, મયપુત્ર, કાર્તિકેય આ વાસ્તુશાસ્ત્રનાં જ્ઞાતાઓ જાણવા.

"વાસ્તુશાસ્ત્ર વેદના જેવું જ્ઞાન અને વેદના જેવી ક્રિયાવાળું છે. વાસ્તુવેદ જેવું શાસ્ત્ર છે તેથી તેનું સન્માન કરવું. વાસ્તુજ્ઞાન સ્વયંસિદ્ધ સૃષ્ટિ અર્થે પહેલાં રચાયેલું શાસ્ત્રજ્ઞાન છે. એવા વાસ્તુશાસ્ત્ર વડે લોક સુખી થાય છે. વાસ્તુશાસ્ત્રનો જાણકાર બ્રહ્મા, હરિ, રૂદ્ર સમાન તેમજ દેવતારૂપ છે. વાસ્તુવેત્તા બંધુ, સુહૃદ અને યોદ્ધા સમાન છે એના જેવો હિતૈષી બીજો કોઈ નથી, થશે પણ નહિ. વાસ્તુ રાજા અને કુબેર સમાન છે તથા રાજાનો મિત્ર છે માટે વાસ્તુવિત્તની પૂજા કરવી. વાસ્તુવેત્તાની પ્રસન્નતામાં જ બધા ગ્રહો તેના મિત્ર બની જાય છે. જે વાસ્તુશાસ્ત્રને જાણે છે તે નેત્રરૂપ છે ત્યાં સનાતન ધર્મ રહેલો છે.

## ૩.૪ 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથની વિશેષતાઓ

શિલ્પ-સ્થાપત્ય એ માનવજીવનનું અત્યંત ઉપયોગી અંગ છે. આ કલા હૃદય અને ચક્ષુ બંનેને આકર્ષે છે. સમગ્ર વિશ્વ ભારતીય સ્થાપત્યને માનથી જુએ છે. તેવી બુદ્ધિપૂર્વકની રચના આપણા આચાર્યોએ કરેલી છે. આધ્યાત્મિક વિચારધારાનું સંકલન પણ થયેલું છે.

### (૧) શિલ્પકળાનું ક્રિયાત્મક જ્ઞાન

શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરને શિલ્પકળામાં જન્મજાત અભિરૂચિ હોવાને લીધે પોતે અવકાશનાં સમયે પ્રાચીન શિલ્પશાસ્ત્ર સ્થાપત્યકળાનાં હસ્તલિખિત સંસ્કૃત ગ્રંથોનો ક્રિયા અને નકશાઓ સહિત ત્રણ વર્ષ સુધી અભ્યાસ કર્યો. આ પ્રમાણે શિલ્પશાસ્ત્રી નર્મદાશંકરભાઈએ સ્વપુરૂષાર્થબળે શાસ્ત્રીય જ્ઞાન સાથે શિલ્પકળાનું ક્રિયાત્મક જ્ઞાન પ્રાપ્ત કર્યું. જેમકે યથાસ્થાને ચિત્રો, કોષ્ટક અને આકૃતિઓનો પ્રયોગ કરેલ છે જે ધ્યાનાકર્ષક છે. દા.ત. પ્રથમ રત્નમાં નક્ષત્રનું કોષ્ટક, દ્વિતિય રત્નમાં મંડોવરનો નકશો તથા ફોટાઓ, તૃતિય રત્નમાં ત્રિશાખા, પંચશાખાના દ્વારપ્રમાણનાં નકશાઓ, ચતુર્થ રત્નમાં એક-એક સ્તંભનો દેખાવ, પાટનો દેખાવ, તારંગાજી અને જૈન પ્રાસાદનું તલદર્શન, શ્રી રૂદ્રમાળનો રહેલો અવશેષ ભાગ સિદ્ધપુર (ગુજરાત) કુંભારીયાજીના ગૂઢ મંડપ ઉપરનું સામરણ તેમજ નવચોકીની ઘુમટીની અંદરનો દેખાવ, ઘુંમટમાં વિદ્યાધરોમાં કરેલા સ્વરૂપો, શણગાર ચોકી, નવચોકી અને નૃત્ય મંડપ, જૈન દેરાસર, માઉન્ટ આબુનાં રંગમંડપના સ્તંભોનો દેખાવ, પ્રાસાદની છ ચોકીમાં કરેલી દેરીઓનો નકશો, રાણકપુરનો મેઘનાદ મંડપ, ઘુમ્મટના દાદરીનો નકશો, ચોમુખ પ્રાસાદનાં પશ્ચિમ તરફના મંડપનાં ઘુંમટનો દેખાવ (માઉન્ટ આબુ) આમાં ચતુર્થ રત્નમાં વધારે નકશાઓ, ફોટાઓ આપેલા છે. પાંચમાં રત્નમાં શિખરની રેખા છોડવાના નકશા, શ્રી સોમનાથ મહાદેવનો પ્રાસાદનો નકશો, છઠા રત્નમાં પચ્ચીસ પ્રકારનાં કેશરાદિ પ્રાસાદોના નકશાઓ, સાતમાં રત્નમાં તિલકાદિ પ્રાસાદ જાતિના નકશાઓ, આઠમાં રત્નમાં ઋષભાદિ પ્રાસાદના નકશાઓ, નવમા રત્નમાં વૈરાજયાદિ પ્રાસાદનાં નકશાઓ, ફોટાઓ, દશમાં રત્નમાં વીસ પ્રકારનાં મેરૂ પ્રાસાદના ફોટાઓ, અગિયારમાં રત્નમાં જુદા-જુદા દેવતાઓની મૂર્તિઓ જેમકે, રૂદ્ર તાંડવ, સૂર્ય પ્રાસાદનાં મંડોવરમાં કરેલી સૂર્યની મૂર્તિઓ જેમ કે રૂદ્ર તાંડવ, સૂર્ય પ્રાસાદનાં મંડોવરમાં કરેલી સૂર્યની મૂર્તિઓ બારમાં રત્નમાં જૈન મૂર્તિઓના ફોટાઓ, તેરમા રત્નમાં મંડપ અને કુંડોની રચના, અર્ધચંદ્રકુંડ, વર્તુલકુંડ, ષટ્કોણ કુંડ વગેરેનાં ચિત્રો, વાસ્તુપુઢષના ચિત્ર, ૬૪ પદના વાસ્તુ, ૮૧ પદનો વાસ્તુ, ૧૦૦ પદનો વાસ્તુ, વગેરે ચિત્રો ધ્યાનાકર્ષક છે. ચૌદમાં રત્નમાં જયોતિષવિષયક જુદા-જુદા ચક્રો, ગ્રહચક્ર, નક્ષત્રચક્ર, કરણચક્ર, ભદ્રાચક્ર, વગેરે ચક્રો વિજ્ઞાનરૂપે રજૂ થયેલા છે. આવી રીતે થોડામાં ઘણું કહેવાની શૈલી દષ્ટિગોચર થાય છે. વળી, આકૃતિઓ પોતે જાતે જ દોરેલી છે. આથી કહી શકાય કે સ્થાપત્યનાં અર્થબોધક ચિત્રો, કોષ્ટકો, નકશાઓથી પુસ્તકનું વસ્તુદર્શન સરળ બન્યું છે.

### (૨) અર્થબોધક વિચારો

સુંદર પ્રાસાદો સર્વ રીતે કલ્યાણકારી હોય છે તથા

गीतनृत्यैश्च वादित्रैः प्रेक्षणीयैर्मनोहरै ः ।
नानाध्वजतपाकैश्च तोरणैश्च विभूषिता ः ।।
पुरराजप्रजादीनां सर्वकाल तु शांतिदा ः ।
सर्वकामप्रदौते नित्यं कल्याणकारका ः ।। ७

"ગીત-નૃત્ય અને વાદ્યોથી નિત્ય ગુંજાયમાન, દર્શનીય અને મનોહર અનેક પ્રકારની ધ્વજાઓ, પતાકાઓ તથા તોરણોથી અલંકૃત પ્રાસાદો નગર, રાજા અને પ્રજા વગેરેને સર્વકાળ સુખ-શાંતિ આપનારા, સર્વકામનાઓને પુરનારા અને નિત્યકલ્યાણ કરનારા છે."

વળી, લક્ષ્મીનાં પહેરેગીર ન થતાં માલિક બની તેનો સદુપયોગ કરવો જોઈએ અને તેથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ સાથે સંસારમાં અક્ષયકીર્તિ પ્રાપ્ત થાય છે. તેનો પ્રત્યક્ષ પુરાવો ગિરિરાજ આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન પ્રાસાદો, ત્યાનું સુંદર કોતરણીકામ, બાંધણી જોઈ પશ્ચિમનાં એન્જીનીયરો મુગ્ધ બની ગયા હતા. આના માટે શિલ્પકારોને અભિનંદવા જોઈએ. તેથી શિલ્પીઓ કેવા હોવા જોઈએ ! તેના ગુણોનું વર્ણન પ્રસ્તુત ગ્રંથ 'શિલ્પરત્નાકર:'માં કર્યું છે. વળી, તે શિલ્પી પ્રત્યે વફાદાર રહેવું જોઈએ.

ગૃહાદિ પ્રાસાદ વગેરે કાર્યમાં લોખંડ નિષેધકારક છે.

उत्तमोत्तमधात्वादि पाषाणेष्टिककाष्ठकम् ।
श्रेष्ठमघ्यमाधमं द्रव्यं लौहं चैवाधमाधमम् ।। ८

ધાતુ અને રત્ન આ દ્રવ્ય ઉત્તમોત્તમ છે. પાષાણ, ઈંટ અને લાકડું આ ત્રણ દ્રવ્યો અનુક્રમે શ્રેષ્ઠ, મધ્યમ અને અધમ છે પરંતુ લોઢું આ દ્રવ્ય તો અધમાધમ છે.

આવા તો અનેક વિષયો શિલ્પકળાનાં અગાધ સમુદ્રમાં પડેલા છે. ટૂંકમાં સંપૂર્ણ શાસ્ત્રીય શિલ્પકળાનું જ્ઞાન અહીં જોવા મળે છે.

વળી, આય, કુંડળી, રાશિ, ગણ, લગ્નચક્ર, નાડી, કઈ રીતે મેળવવી તેનાં વિચારો વ્યવસ્થિત રીતે રજૂ થયા છે.

## (૩) પ્રાચીન સ્થાપત્યનો ખજાનો

કોઈપણ સંસ્કૃતિનું મૂલ્ય તેનાં પ્રાચીન સ્થાપત્ય અને સાહિત્ય વડે જ અંકાય છે. આ વિષય બાબત શિલ્પરત્નાકરઃ માં અનેક પ્રાચીન સ્થાપત્યોનો અમૂલ્ય ખજાનો ભરેલો છે. જે આંતરમનને આકર્ષિત કરનારો છે. દા. ત. તૃતીય રત્નમાં રાણકપુરના જૈન દેરાસરનું મંડોવરનું પાર્શ્વદર્શન, માઉન્ટ આબુનું જૈન દેરાસર, શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરનો દેરાણી-જેઠાણીનો ગોખલો (દેલવાડા, આબુ). ચતુર્થ રત્નમાં ગૂઢ મંડપ ઉપરનું સામરણ જૈન દેરાસર (કુંભારીયાજી), નવચોકી અને નૃત્યમંડપ જૈન દેરાસર (શ્રી કુંભારીયાજી) મેઘનાદ મંડપનો દેખાવ રાણકપુર (મારવાડ) ત્યાંસી જિનાલય વાળા ધરણી વિહાર ચોમુખ પ્રાસાદ, શ્રી રાણકપુર (મારવાડ) પુંડરીકજીનો પાર્શ્વદર્શનનો દેખાવ,

શેઠ હઠીસીંગની જૈન દેરાસર, અમદાવાદનું આલેખન પ્રાપ્ત થાય છે.

પંચમરત્નમાં બે સ્તંભવાળી ઉત્તંગ નામની પ્રતોલ્યા, વડનગર (ગુજરાત). સપ્તમ રત્નમાં ચતુર્મુખ પ્રાસાદ શ્રી રાણકપુર, મારવાડ. શેઠ હઠીસીંગનું દેરાસર (અમદાવાદ) નંદીશ પ્રાસાદ, કેશરાદિ જાતિ શ્રી કુંભારીયાજી અષ્ટમરત્નમાં શ્રી અજિતનાથ શ્વેતાંબર જૈન પ્રાસાદ શ્રી તારંગાજી.

અગિયારમાં રત્નમાં શેઠ શ્રી હઠીસીંગજીના દેરાસરના પુંડરીકજીના મુખ્ય પ્રવેશદ્વારની પડખે કરેલા ગોખલાનો દેખાવ, અમદાવાદ.

બારમા રત્નમાં બે સ્તંભીકાઓ સાથેનું તોરણ, જૈન દેરાસર (શ્રી કુંભારીયાજી)

વિમલ-વસહી સમવસરણની રચના જૈન દેરાસર,

ઉપર્યુંકત ખજાનો (માઉન્ટ આબુ) શિલ્પની કલગી સમાન છે અને સ્થાપત્ય કળાનાં ગર્વ ઉપજાવતા નમૂના છે.

## (૪) શાસ્ત્ર અને કળાનું સંમિશ્રણ

ભારતની સંસ્કૃતિ જેટલી પુરાતન અને આદર્શ છે તેટલી જ તેની સ્થાપત્યકળા પણ પ્રાચીન અને આદર્શ છે. ભારતનાં ઋષિમુનિઓએ જેમ ભારતીય સંસ્કૃતિમાં પોતાના આત્મોન્નતિના આદર્શને ઓતપ્રોત કરી દીધો છે. તેમ તેના વિદ્વાન સ્થપતિઓએ પોતાની સ્થાપત્યકળામાં ભારતીય જીવનનાં આદર્શને સમાવી દીધો છે.

ગુજરાતમાં સિદ્ધપુરમાં આવેલો રૂદ્રમહાલય (રૂદ્રમાળ), તારંગાજી ઉપરનો શ્રી અજિતનાથ પ્રભુનો શ્વેતાંબર જૈન પ્રાસાદ, ગિરિવર આબુમાં આવેલા અદ્‌ભૂત કોતરણીકામવાળાં દેલવાડાનાં જૈન દેરાસરો, બહુચરાજી નજીક આવેલો મોઢેરા ગામનો પ્રાચીન સૂર્ય પ્રાસાદ, રાણકપુરનો શ્રી ધરણીવિહાર નામનો ચોમુખ પ્રાસાદ અને સૌરાષ્ટ્રમાં શ્રી સોમપુર (પ્રભાસ પાટણ)માં આવેલો શ્રી સોમનાથ મહાદેવનો પ્રાચીન પ્રાસાદ વગેરે પ્રાસાદો ભારતની સ્થાપત્યકળાનાં ઉત્કૃષ્ટ નમૂનાઓ છે. મોટી અંબાજી પાસેના શ્રી કુંભારીયાજીના જૈન પ્રાસાદો વગેરેનાં ઘુંમટો, છતો, સ્તંભો, મંડોવરો, શિખરો, દ્વારો, સામરણો વગેરેની સુંદર કારીગરી આ પુસ્તકમાં આપવામાં આવેલા ફોટાઓ ઉપરથી જોઈ શકાશે.

શિલ્પશાસ્ત્રમાં દેવાલયો અને મકાનો વગેરે બનાવવામાં શરૂઆતથી અંત સુધી ઘણી સૂક્ષ્મ રીતે શુભાશુભનો વિચાર કરી દેવાલય કે મકાન કેવી રીતે ઉત્તમ થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે અને તેના માટે શુભ દિવસ, શુભ નક્ષત્ર, આયાદિનો પૂરો વિચાર કરી કાર્યારંભ કરવાનું જણાવવામાં આવ્યું છે. આય, નક્ષત્ર, વ્યય, તારા વગેરેનાં ગણિત થી ઉત્તમ પ્રકારનો મેળ સાધી કાર્યારંભ કરવામાં આવે તો ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે. તેથી વિરુદ્ધ કાર્ય થાય તો દુ:ખ પ્રાપ્ત થાય છે. આવી રીતે ગૃહપ્રવેશ અને પ્રાસાદિ કાર્ય માટે પણ મુહૂર્ત જોવાનું વિધાન છે. **અર્થાત પ્રત્યેક કાર્યમાં શાસ્ત્ર સાથે કળાનું સામંજસ્ય સાધી દેવાલય કે ગૃહનિર્માણ કરવું એવો શિલ્પશાસ્ત્રનો મુખ્ય આશય છે.**

તેથી શાસ્ત્રીય પદ્ધતિએ તૈયાર થયેલા દેવાલયો અને ગૃહો કરનાર, કરાવનાર તથા ગ્રામ, નગર અને રાષ્ટ્રને સુખપદ, લાભકર્તા, અભ્યુદય અને કલ્યાણકર્તા માનેલા છે.

ગિરીરાજ આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન પ્રાસાદો ત્યાનું સુંદર કોતરણીકામ, સુંદર કલામય, બાંધણી જોઈ પશ્ચિમનાં એન્જીનીયરો તથા યાત્રીઓ મુગ્ધ થઈ જાય છે અને મુકતકંઠે પ્રશંસા કરે છે. અત્યાર સુધી અલભ્ય ગણાતી સઘળી માહિતી આ ગ્રંથમાં જોવા મળે છે. કળાકૌશલ્યના શાસ્ત્રીય નિયમો પ્રત્યક્ષ બાંધકામ, સૌંદર્ય, ધાર્મિકવૃત્તિ વગેરે વિવિધ કુટિલ પ્રશ્નોની વિગતવાર ચર્ચાથી ભરપૂર આ ગ્રંથ સર્વાંગ સંપૂર્ણ ગણી શકાય. સર્વજીવન ક્રિયાને શાસ્ત્ર બનાવી દેતી આર્ય સંસ્કૃતિ શિલ્પ સ્થાપત્યને પૂર્ણ શાસ્ત્ર કેવી રીતે બનાવી રહી હતી તેનું પ્રત્યક્ષ દષ્ટાંત આ અમૂલ્ય ગ્રંથ 'શિલ્પરત્નાકરઃ'માં જોવા મળે છે. આંખને અને હૃદયને સ્પર્શી રાખતાં શિલ્પરત્નો શાસ્ત્રીય નિયમોને અનુસરે છે. એ જાણી આપણને ખાતરી થશે કે સૌંદર્ય–શિલ્પસૌંદર્ય એ માત્ર તરંગ નથી એ સૌંદર્ય નિયમપાલનથી જ પ્રાપ્ત થાય છે.

## (૫) અભ્યાસીઓ અને જ્યોતિષીઓને માર્ગદર્શક

આ અમૂલ્ય ગ્રંથ તૈયાર કરવામાં કાળ, દ્રવ્ય અને બુદ્ધિનો સદ્‌વ્યય કરી ગ્રંથકારે તેનો લાભ જનતાને આપ્યો છે. શિલ્પજ્ઞ નર્મદાશંકરે જાતે શિલ્પશાસ્ત્રનો અભ્યાસ કરી સ્વહસ્તે કેટલાક પ્રાસાદો એટલે કે દેવાલયોની રચનાના કામો પણ કર્યા છે. શેરીસા, પાનસર, પાલીતાણા વગેરે સ્થળોએ પ્રાચીન પદ્ધતિને અનુસરીને નવા થયેલા પ્રાસાદોની રચનાનાં ગ્રંથકારના સ્વહસ્તે થયેલા કાર્યો પ્રસિદ્ધ છે.

આવા અનુભવી શિલ્પશાસ્ત્રીના પરિશ્રમથી થયેલા કાર્યથી આ કાર્યમાં રસ ધરાવનાર સર્વે અભ્યાસીઓને માર્ગદર્શન મળે છે.

પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો સારાંશ તથા (૧) પ્રાસાદમંડન (૨) રૂપમંડન (૩) જિન પ્રાસાદ (૪) આયતત્ત્વ (૫) કુંડસિદ્ધિ. આ પાંચ ગ્રંથો પ્રસ્તુત ગ્રંથમાં સમાવી લીધેલા છે. તે સાથે પ્રાસાદનાં દરેક અંગો જેવા કે જગતી, પીઠ, મહાપીઠ, કર્ણપીઠ, મંડોવર, દ્વારશાખા, સ્તંભો તથા કેશરાદિ, તિલકાસાગરાદિ, ઋષભાદિ, વૈરાજયાદિ અને મેર્વાદિ પ્રાસાદોનાં શિખરો, મંડપો, સામરણો, મૂર્તિઓ, પરિકરો વગેરેનાં નકશાઓ આપેલા છે.

શિલ્પકળાનાં અભ્યાસીઓને આ ગ્રંથ ઘણો જ ઉપયોગી થઈ પડે તેમ છે. એટલું જ નહિ, પ્રતિષ્ઠા કરાવનાર અને જ્યોતિષીઓને પણ ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે કારણ કે કુંડોની રચના, નકશાઓ સહિત, મુહૂર્ત જોવા માટે જ્યોતિષના વિષયનું પણ સંપૂર્ણ વિવેચન ગ્રંથના ચૌદમા રત્ન માં આપવામાં આવેલું છે. એટલે એકંદરે આ ગ્રંથ સ્થાપત્યકળાના શિક્ષણ માટે સર્વથા ઉપયોગી બને એવી યોજના રાખી બનાવવામાં આવ્યો છે. દા.ત. નવમાંશ કુંડળી બનાવવાની રીત, લગ્ન, હોરા, લગ્નબળ વિચાર, યુતિ દોષ, ગ્રહોની ઉચ્ચાદિ રાશિ ચક્ર, પ્રતિમા અને પ્રતિષ્ઠા કરાવનારને વૈરભાવ જોવા વિશે આ સંપૂર્ણ શાસ્ત્રીય માહિતી ૧૪માં રત્નમાં વ્યવસ્થિત આપેલી છે. જેથી જ્યોતિષવર્ગને

ઘણુ બધુ માર્ગદર્શન મળે છે. વળી, પ્રસ્તુત દીપ સમાન ગ્રંથમાં શિલ્પશાસ્ત્ર સંબંધી વિચારોને કારણે કારીગરવર્ગને પણ ઉત્તેજન મળે છે. રંગકર્મકલા, માટીકલા, પાષાણકલા, કોતરણીકામ વગેરે કલાનો પરિચય સર્વ લોકોને થાય છે અને ભારતીય કળાનું વિધિવત સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. શિલ્પશાસ્ત્રી શ્રી નર્મદાશંકરની વિદ્વતા પ્રશંસાપાત્ર છે. ગણિતની પૂરી ચોકસાઈ, દેશ, કાળ, પ્રસંગ અને પંથ વિશિષ્ટતાની સાચવણી, કલાના રૂઢ નિયમોથી આ ગ્રંથ બેનમૂન છે. જેનાથી સંપૂર્ણ જાણકારી અને માર્ગદર્શન અભ્યાસુને મળે છે.

### (૬) અમૂલ્ય વારસારૂપ ગ્રંથ

શિલ્પશાસ્ત્રી શ્રી નર્મદાશંકર કૃત શિલ્પરત્નાકરઃ એ માત્ર ગ્રંથ જ નથી પરંતુ આપણા માટે તે અમૂલ્ય વારસો બની રહે તેમ છે. તે આધ્યાત્મિક ભાવનાનું સ્પષ્ટ ચિહ્ન છે, હૃદયનો સભર ભાવ છે. પુનર્જન્મનાં સિદ્ધાંત મુજબ જીવપ્રાણી વિકાસ સાધતા અનેક ઉચ્ચ કોટિની યોનિઓમાં જન્મતાં જન્મતાં આખરે બ્રહ્મમાં વિલીન થાય છે. આ સિદ્ધાંત દેવશિખરે મૂક્યો છે.

મંદિર એ ભારતીય સમાજની ચેતના અને વિશ્વાસનું મૂર્તરૂપ છે. વળી, ભારતીય સંસ્કૃતિમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ, પુઢષાર્થોરૂપી હેતુઓને પાર પાડતા મનુષ્ય, સરળતાથી જીવી શકે તે વૈજ્ઞાનિક નિયમોનું પાલન થતાં તે આપણા માટે દીવાદાંડીરૂપ બની રહે છે. કારણ કે પાયાથી માંડીને શિખર, કળશ સુધીની રચનાનું શાસ્ત્રીય જ્ઞાન પણ આ ગ્રંથમાંથી મળી રહે છે. એના આધારભૂત શિલ્પગ્રંથોના શ્લોક અને તેમના ભાષાંતર દ્વારા જ્ઞાનવૃદ્ધિ સાથે આપણા પૂર્વકાલીન શાસ્ત્ર માટે માન અને અભિમાનની લાગણી આ ગ્રંથ માટે ઉત્પન્ન થાય છે.

શિલ્પકલા વિશે, તેના પ્રકારો વિશે, જયોતિષ વિદ્યા વિશે, વાસ્તુવિદ્યા વિશે, સંપૂર્ણજ્ઞાન આ ગ્રંથ આપે છે. વળી, શેઠ હઠીસીંગનું દેરાસર, ઘેટીપાગની સાંગરણવાળી તૈયાર થયેલી દેરી, રાણકપુરનું ચોકી ઉપરનું સામરણ (ચતુર્થ રત્ન), સ્તંભવાળી ઉત્તંગ નામની પ્રતોલ્યા (વડનગર, ગુજરાત) (પંચમ રત્ન) ચતુર્મુખ પ્રાસાદ (શ્રીરાણકપુર) (ષષ્ઠ રત્ન) કેશરાદિ જાતિનો નંદન પ્રાસાદ (ષષ્ઠ રત્ન) વૈરાજયાદિ પ્રાસાદનાં જુદા-જુદા તલભાગ (નવમ રત્ન) આ બધા જ ફોટાઓ, નકશાઓ, ચિત્રો આપણા માટે સરાહનીય છે અને તે માર્ગદર્શક છે, જે અમૂલ્ય વારસારૂપ છે.

આમ, પ્રસ્તુત ગ્રંથે શિલ્પશાસ્ત્ર જેવા સર્વોપયોગી શાસ્ત્રમાં પણ હિન્દુ સંસ્કૃતિના મૂળ ધર્મને સંક્રાન્ત કરી લીધુ હોવાથી તેમાં પ્રાચીન ઋષિમુનિઓની ભાવના અને દિવ્ય દષ્ટિ દેખાય છે.

## ૩.૫ 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથનું અન્ય કૃતિઓ સાથેનું સામ્ય અને વૈષમ્ય

ગ્રીસ ગ્રંથ વ્હિટ્રવ્હિયસ[૧] (Vitruvivs)

અજોડ ગ્રંથ 'शिल्परत्नाकरः' માં પ્રાસાદ અને તેના ઉપાંગોના પ્રમાણ સંબંધી નિયમો છે. આવા નિયમો ઘડવા માટે લાંબા સમયનો વ્યવહારૂ અનુભવ હોવો જોઈએ. આવા નિયમો પાશ્ચાત્ય દેશોમાં પણ શિલ્પપ્રેમી ગ્રીસ દેશના લોકોએ કરેલા હતા અને તે સંબંધી ગ્રંથ વ્હિટ્રવ્હિયસ

(Vitruvivs) નામના ગ્રંથકારે રચ્યો છે. આ ગ્રંથમાં અને આપણા દેશનાં શિલ્પ ગ્રંથોમાં કેટલાક અંશે સામ્ય છે. કારણ કે ઈસવીસનની શરૂઆતમાં વ્યાપારાર્થે ગ્રીસ અને રોમના દરિયાઈ વેપારીઓ હિંદના દક્ષિણ કિનારે સૌરાષ્ટ્રથી ઠેઠ મલબાર કાંઠા સુધી પહોંચ્યા હતા. તેથી તે ગ્રંથ સાથે પ્રસ્તુત ગ્રંથનાં સામ્યનું કારણ હશે તેવું જણાય છે.

વળી, આ સંદર્ભે 'શિલ્પરત્નાકરઃ'ની ભૂમિકામાં આ રીતે કહેવામાં આવેલ છે કે ભારતીય શિલ્પશાસ્ત્ર સંબંધી પ્રાચીન ગ્રંથનું આંગ્લભાષામાં પ્રથમ રચેલું પુસ્તક **'રામરાજ'**ના નામથી ઓળખાય છે. એનાં કર્તાનું નામ રામ રાજા છે. તે મૈસૂરના સંસ્થાપનમાં ન્યાયાધીશ હતા અને તેનો આ ગ્રંથ લંડનની રોયલએશીઆટીક સોસાયટીના આશ્રય નીચે ઈ.સ. ૧૮૩૪માં પ્રસિદ્ધ થયો.

ભારત ભૂમિના શિલ્પ સાથે યુરોપીય દેશનો પરિચય પ્રથમ આ ગ્રંથથી થયો. **'રામરાજ'** ગ્રંથમાં કરેલું વિવેચન દ્રાવિડ દેશને લાગુ પડે તેવું છે. તેના વિભાગ પણ પીઠ, સ્તંભ, પ્રસ્તર, વિમાન, ગોપુર પાડેલા છે. જે 'માનસાર' ગ્રંથ ઉપરથી લીધેલા છે.

➢ થોડાક વર્ષ પૂર્વે અલ્હાબાદનાં ડો. આચાર્યે **'માનસાર'** નામના ગ્રંથ ઉપરથી ત્રણ ભાગમાં ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. માનસારમાં પ્રાસાદનાં મુખ્યભાગ તથા તેના ઉપાંગના પ્રમાણ સંબંધી ચોકસાઈથી નિયમ આપેલા છે. 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથમાં પણ આવા પ્રમાણ બાબત નિયમો આપ્યા છે. આ પ્રકારનાં સામ્ય પરથી સ્પષ્ટ થાય છે કે શિલ્પનાં ગ્રંથનું બીજ એક જ હશે.

➢ તે જ રીતે પ્રભાશંકર સોમપુરા રચિત 'દીપાર્ણવ'માં પૃષ્ઠફલકને બાદ કરતાં વિષયવસ્તુ તરફ નજર કરીએ તો બંનેમાં ઘણી સમાનતા છે.

સૌ પ્રથમ અધ્યાય આયતત્ત્વાધિકાર છે જે બંનેમાં સમાન છે. આય મેળવવાની રીત, આયના પ્રકાર, આયના જુદા-જુદા સ્વરૂપો, શ્રેષ્ઠ આય, આય કાઢવાની રીત, આયના સ્વરૂપનો નકશો, નક્ષત્ર, રાશિ, તારા, દિશા, વ્યય ઉપજાવવાની રીત, તારા, ક્ષેત્ર, વર્ગ, તિથિ, નાડી, કોષ્ટક વગેરે બંને ગ્રંથોમાં જોવા મળે છે. **પ્રાસાદોત્ત્પતિ** નામના બીજા અધ્યાયમાં પ્રાસાદનાં પ્રમાણ સંબંધી વિચારો રજુ થયેલા છે. (દીપાર્ણવ) જેમાં સમાનતા જોવા મળે છે.

'શિલ્પરત્નાકરઃ' ગ્રંથમાં ૩,૪,૫ રત્નમાં પ્રાસાદ વિશેના જ છે. જે દીપાર્ણવમાં પ્રાસાદ પીઠ લક્ષણાધિકાર, મંડોવરઅધિકાર, દ્વારમાન અધિકાર, શિખરાધિકાર, મંડપાધિકાર અંગેની છે. છઠ્ઠા અને સાતમાં અધ્યાયમાં પંચવિશતિ અર્થાત્ પચ્ચીસ પ્રકારના પ્રાસાદોની વાત કરેલી છે. જે નકશાસહિત છે. ૮, ૯, ૧૦ અધ્યાયમાં પ્રાસાદના પ્રકારોની ચર્ચા લક્ષણો વગેરે છે. આ જ વિષય અંગેની ચર્ચા દીપાર્ણવમાં પણ કરવામાં આવી છે. જે અધ્યાય ૧૯માં રજૂ કરેલી છે.

'શિલ્પરત્નાકરઃ' માં ૧૧માં અધ્યાયમાં દેવતામૂર્તિ સ્વરૂપ, લિંગસ્વરૂપ, લક્ષણાધિકાર બતાવેલ છે. જે 'દીપાર્ણવ' ગ્રંથના પ્રથમ અધ્યાયમાં વાત કરી છે. ગૌરી સ્વરૂપો, તેર આદિત્યો, વૃષભલક્ષણ,

લિંગ સ્વરૂપ વગેરેની વાત કરી છે. 'દીપાર્ણવ'ના ઉત્તરાર્ધમાં જિનદર્શનની વાત કરી છે. તે જ વાત 'શિલ્પરત્નાકરઃ'નાં બારમાં અધ્યાયમાં કરવામાં આવી છે. શ્રી જિનમૂર્તિ સ્વરૂપલક્ષણ ૨૪ તીર્થકરોના નામ, ૨૪ યક્ષોના નામ, યક્ષિણી સ્વરૂપ, લક્ષણ, વિદ્યા-દેવી સ્વરૂપ, લક્ષણ જુદા-જુદા આયુધો વગેરેનું વર્ણન, પ્રતિમાનું વર્ણન વગેરે બંનેમાં ખૂબ જ સમાનતા ધરાવે છે. 'દીપાર્ણવ'માં મૂર્તિસંબંધી વિવેચન થોડું વિશેષ પ્રમાણમાં થયું છે.

અંતમાં, ૧૩માં અધ્યાયમાં ધ્વજા, પતાકા, કુંડનું પ્રમાણ, પંચકુંડી, મેખલા, પ્રાસાદનાં દેવતાઓનું પૂજન ની વાત કરી છે. ૧૪માં અધ્યાયમાં શિલ્પી, સૂત્રધાર, આચાર્યપૂજન, જયોતિમુહૂર્ત લક્ષણ, ગ્રહબલ, ચંદ્રબલ, કુંડળી બનાવવાની રીત કલશ ચક્ર, ઘંટાચક્ર, વગેરેની વાત કરી છે. આ વિષયને દીપાર્ણવ ગ્રંથમાં સંક્ષિપ્ત રીતે રજૂ કરી છે.

'શિલ્પરત્નાકરઃ'ના અંતમાં અધ્યાય-૧૪માં જયોતિષ વિશે વિશેષ માહિતી આપી છે. જેમકે, શુભાશુભ માસ, તિથિઓ, વાર, ચક્રો, નક્ષત્રો, દિશાઓ, ચંદ્રબલ, સિદ્ધિયોગ, ગ્રહોની દષ્ટિ વગેરેનાં શુભાશુભ ફળોનું કથન કરેલું છે.

બંને ગ્રંથોમાં પ્રાસાદના અંગો, ઉપાંગોના ચિત્રો, નકશાઓ આકર્ષક છે. જે શિલ્પજ્ઞાતાને ઉપયોગી થાય છે. તેમજ આપણને પણ તે વિશેની વિગતે માહિતી મળી શકે છે.

➢ શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા રચિત 'શિલ્પસ્મૃતિ વાસ્તુવિદ્યાયામ્' માં પણ બે વિભાગ પડે છે. પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ. પૂર્વાર્ધમાં સૌપ્રથમ ભૂમિ પરીક્ષાવિચાર, શલ્યશોધન, સૂત્રધાર, વાસ્તુઉત્ત્પતિ, વાસ્તુપૂજનવિધિની ચર્ચા વિસ્તૃત રીતે કરી છે. રાશિ, નાડી, ગણ, ભદ્રા, નક્ષત્ર, જુદા-જુદા યોગ,તિથિ, દિશા, પૃથ્વીખનન વગેરેની ચર્ચા પાંચ પ્રકરણ સુધી આપેલી છે.

છઠ્ઠા અધ્યાયથી શિલાસ્વરૂપ, ગૃહશિલાસ્થાપનવિધિ, આય આદિ અંગ વિચાર, જુદા-જુદા અધિકાર નક્ષત્રચક્ર, ગ્રહચક્ર, લગ્નધિકાર, તિથિ અધિકાર, તત્ત્વાધિકાર વગેરેની ચર્ચા જ માત્ર સાતમાં અધ્યાય સુધી આપેલી છે.

ઉત્તરાર્ધમાં પ્રાસાદોત્ત્પત્તિ, શિલાન્યાસવિચાર, મંડોવર, જગતીસ્વરૂપ, પ્રાસાદનાં અંગો સંબંધી ચર્ચા ૧ થી ૩ અધ્યાય સુધી આપેલી છે. ચતુર્થ અધ્યાયમાં દ્વારદિશા, નવશાખસ્વરૂપ દર્શન, ઉદુંબર શંખોદ્ધાર, ઉદુંબર માન, દ્વારપ્રતિષ્ઠા પ્રતિમાપ્રમાણ, પીઠિકા, વગેરેનું નિરૂપણ કરેલું છે.

પાંચમાં અધ્યાયમાં મંડપવિધાન, સ્તંભસ્વરૂપ, દેવતાઓનાં વાહન કહેલા છે. છઠ્ઠા અધ્યાયમાં વાસ્તુશાસ્ત્ર પ્રશંસા, વાસ્તુઅંગેનાં દોષો, ધ્વજદંડ, પ્રતિમાવિધાન, દેવપ્રદક્ષિણા, સાતમાં અધ્યાયમાં પ્રાસાદની જાતિ, કલશ, અમલસાર, ધ્વજદંડ, જુદા-જુદા પ્રાસાદ દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણ, પ્રતિષ્ઠાવિધાન, શિખર, કેશરાદિ પ્રાસાદ વગેરે આઠમાં અધ્યાયમાં અને નવમાં અધ્યાયમાં પણ તે જ વર્ણન છે. દશમાં અધયાયમાં જિકલ્પદ્રુમ, જિનેન્દ્ર પ્રાસાદ લક્ષણ, અગિયારમાં, બારમાં અધ્યાયમાં

દેવતામૂર્તિ સ્વરૂપ લક્ષણાધિકાર તેરમાં પ્રતિષ્ઠાવિધાન, ચૌદમાં જ્યોતિષ તથા સર્વદોષપરિહારનું વર્ણન છે.

આ જ વિષયવસ્તુ 'શિલ્પરત્નાકરઃ' તા. ૧૪ (ચૌદ) રત્નોમાં જોવા મળે છે. વળી, આકર્ષક નકશાઓ અને ફોટાઓથી બંને શોભાયમાન છે.

પ્રતિષ્ઠા વિધાન જ્યોતિષ અંગેના વિષયનાં ક્રમમાં ફેરફાર થયેલો છે.

## ❋ વૈષમ્ય

### ➢ દીપાર્ણવ

'દીપાર્ણવ' ગ્રંથમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે વિભાગ પડેલા છે. 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથમાં શરૂઆતથી જ વાસ્તુ શાસ્ત્ર સંબંધી સિદ્ધાંતો રજૂ થયેલા છે. દા.ત. સૂત્રપાત વિધિ, દિક્ નિર્ણય, ભૂમિશોધન, આય મેળવવી, ગણ, દિશા, નક્ષત્ર, તારા, નાડી, તેમના કોષ્ઠક અને પૂજન સહિતની વાતો રજુ થયેલી છે. જયારે દીપાર્ણવમાં તે વિષયની વાતો વચ્ચે વચ્ચે જુદી-જુદી જગ્યાએ રજૂ કરી છે.

વળી, 'શિલ્પરત્નાકરઃ' નાં ચતુર્થ અધ્યાયમાં જે ફોટાઓ અને નકશાઓ આપેલા છે તે વિગતવાર છે પરંતુ 'દીપાર્ણવ'માં તે નકશાઓ ઓછા જોવા મળે છે. વળી, ઉત્તરાર્ધ આખો જૈન દર્શનનાં વિવિધ તીર્થંકર સ્વરૂપ વગેરેનો વિસ્તૃત માહિતી 'દીપાર્ણવ'માં આપેલી છે. અધ્યાય ૨૦ થી ૨૭ સુધી જૈન દર્શનનો વિભાગ રહેલો છે. આ સ્પષ્ટ દેખાય આવે તેવું વૈષમ્ય છે.

### ➢ 'શિલ્પસ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્'

પૃષ્ઠફલકની દષ્ટિએ જોઈએ તો તે ઘણી બધી વિષમતાઓ છે. પ્રાસાદ સંબંધી વિષયો, વિગતે પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે વિભાગો પાડેલા છે. પૂર્વાર્ધમાં સન્માન પત્ર, અભિપ્રાયો, આશીર્વાદ સાથેના ફોટાઓ રજૂ કરેલા છે. ઉત્તરાર્ધમાં પણ તે જ વિષય અન્ય લોકોના સન્માન પત્ર વગેરે રજૂ થયેલા છે. કયા કયા પ્રાસાદોનો જીર્ણોદ્ધાર થયેલો છે. તેનું વિગતે વર્ણન આપેલું છે. જયારે 'શિલ્પરત્નાકરઃ' માં તે જ વર્ણન પ્રસ્તાવનામાં સાથે જ લઈ અને જીર્ણોદ્ધાર સંબંધી વાતો રજૂ કરી છે. 'શિલ્પસ્મૃતિવાસ્તુવિદ્યાયામ્'માં જૈન દેરાસરની જીર્ણોદ્ધાર વિશેષ પ્રમાણમાં છે. વિષયવસ્તુની દષ્ટિએ આગળ જણાવ્યું છે તેમ વિષયો વર્ણવેલ છે પરંતુ પ્રસ્તાવનામાં સૃષ્ટિ વિષયક -વાતો - જેવી કે ઉત્પત્તિ, જુદા-જુદા કલ્પ, વંશો, રાજયો, રાજાઓ, સદીઓ સુધીનું વર્ણન કરેલું છે જે 'શિલ્પરત્નાકરઃ'માં અભાવ જોવા મળે છે. જયારે 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથમાં સૂત્રશૈલીથી ગાગરમાં સાગર સમાવી દીધો છે.

### ➢ 'રામરાજ' ગ્રંથ અને 'ગ્રીસ' ગ્રંથ

ઉપર્યુક્ત બંને ગ્રંથોમાં મુખ્ય વૈષમ્ય એ છે તેમનું વિવેચનમાં તેમાં તેના દેશની વાતો સાથે વણાયેલી છે. દા.ત. 'રામરાજ' ગ્રંથમાં કરેલું વિવેચન દ્રાવિડ દેશને લગતું છે તેથી દ્રાવિડી મંદિરો કેવા હોઈ શકે તેનું વિધાન છે. દા.ત. ગોપુર, પ્રસ્તર વગેરે વિભાગ માટે વિશ્વકર્માના ગ્રંથોનો આધાર

લીધો છે. તેવી જ રીતે 'ગ્રીસ' ગ્રંથ વ્હિટ્રવ્હિયસમાં અન્ય ગ્રંથો જેટલી ચોકસાઈથી નિયમો, શિલ્પોના ફોટા કે નકશાઓ નથી પરંતુ શિલ્પ અંગેના મતો, ઉદાહરણો વિશ્વકર્માના અન્યગ્રંથોમાંથી લીધેલા છે. જેનો ઉલ્લેખ 'શિલ્પરત્નાકરઃ' ગ્રંથની પ્રસ્તાવનામાં થયેલો છે.

## ૩.૬ 'શિલ્પરત્નાકરઃ' માં સન્નિરૂપિત વાસ્તુશાસ્ત્રીય સિદ્ધાંતો

વાસ્તુશાસ્ત્રની પરંપરા વેદમૂલક છે. જેનો વિકાસ પુરાણોમાં પણ જોવા મળે છે. તે પછી વાસ્તુકલાના આચાર્યોએ તે કલાને અલગ શાસ્ત્રનાં રૂપમાં પ્રદાન કરી છે પરંતુ તેની મૂળ જાણકારી વેદમાં જ મળી રહે છે.

આ ઉદ્દેશ્યને જ ધ્યાનમાં રાખીને વિદ્વાનો અને ઋષિમુનિઓ અને આચાર્યોએ અનેક સિદ્ધાંતો આપેલા છે. જેના બે વિભાગ કરી શકાય તેમ છે.

| **દૈવી વિચાર ધારા** | **દાનવી વિચારધારા** |
|---|---|
| બૃહસ્પતિ | શ્વેતકર્મા |
| વરાહમિહિર | ગૌરકર્મા |
| મહારાજા ભોજદેવ | પીંગટકર્મા |
| મંડન (સૂત્રધાર) | શ્યામકર્મા |
| દેવર્ષિનારદ | શુક્રાચાર્ય (દૈત્યગુરૂ) |
| મહર્ષિ ભૃગુ | |
| અત્રિ, વસિષ્ઠ | |
| વિશ્વકર્મા | |
| નંદીશ | |
| શોનક | |
| વાસુદેવકૃષ્ણ | |
| અનિરૂદ્ધ | |
| કુબેર | |
| બ્રહ્મકુમાર | |
| વિશાલાક્ષ | |
| ગર્ગમુનિ | |
| નગ્નજીત | |
| આચાર્ય ભાસ્કર | |

वास्तुपुरूष नमस्तेऽस्तु भूमिशैय्यारत प्रभो ।
मद्गृहं धनधान्यादि समृद्धं कुरू सर्वदा ।।[१०]

વાસ્તુ દેવતાને સંતુષ્ટ કરતો પ્રાર્થના મંત્ર છે. દેવતાઓ અને માનવોનો આવાસને વાસ્તુ કહેવાય છે. ભૂમિ, પ્રાસાદ, યાન, શયનથી તે બને છે.

- સ્થલનો વિસ્તાર જેના પર રહેવાથી કાર્ય કરવાને માટે ભવન બનાવાય છે, તે ભૂમિ કહેવાય છે.
- ભૂમિની ઉપર ભવન, દીવાર અથવા તો અન્ય સંરચના બનાવાઈ છે તે પ્રાસાદ કહેવાય છે.
- રથ, ગાડી, વિમાન, નૌકા, આદિ જે ભૂમિ પર રાખવામાં આવે છે તેને યાન કહેવાય છે.
- अन्य वस्तुओ, खुरशी, मेज, अलमारी, सोफा तेने शयन कहेवाय छे.

ઉપર્યુકત ચાર વસ્તુઓ ભૂમિ પર રાખવામાં આવે છે તે ભૂમિને વાસ્તુ કહેવાય છે. ભૂમિ પર નિર્મિત પ્રાસાદ, યાન, ફર્નિચર (શયન), સંમિલિતરૂપને વાસ્તુ કહેવાય છે. તેના સંબંધમાં બનાવેલા નિયમો વાસ્તુશાસ્ત્ર કહેવાય છે.

## ❋ વાસ્તુકલાનું વૈદિક વિજ્ઞાન નીચેના સિદ્ધાંતો[૧૧] પર આધારિત છે.

## (૧) દિક્ નિર્ણય (દિશાઓનો સિદ્ધાંત)

પ્રાચીન ભારતીયોના નિત્ય કરવાના જીવનકાર્યોની યોજનામાં દિશા-નિર્ધારણ બહુ જ મહત્વની ભૂમિકા ભજવે છે. કારણ કે સૂર્ય જ આપણને સંપૂર્ણ જીવન દેવાવાળા છે. તેથી પ્રાચીન ઋષિઓએ ભવન યા તો મંદિર કે દેવાલય માટે દિશા-નિર્ધારણના સિદ્ધાંત પર ભાર મૂકયો છે. મંદિરો, આવાસો, સ્થાન વગેરે માટે તેનો સામેનો ભાગ પૂર્વદિશાનો રાખવા માટે ભાર મૂકયો છે. કારણ કે સૂર્યના વિકિરણોનો અધિકતમ લાભ સ્વતઃ જ મળી જાય તેના આધારે જ બે પટ્ટીઓના ખૂણાને ઈશાન અને અગ્નિખૂણાનું નામ આપવામાં આવ્યું છે કારણ કે આધુનિક વિજ્ઞાનના ક્રમથી તે લાલ અથવા તો વિકિરણોથી તે જુદુ રૂપ ધારણ કરે છે.

ચારેય દિશાઓ, ચારેય ખૂણાઓ વિશે યોગ્ય બાંધકામ, તેના દેવતા અને વસવાલાયક વસ્તુઓનો વિચાર કરવામાં આવ્યો છે. વળી, શંકુસ્થાપનાની વાત પણ કરી છે. શંકુની લંબાઈ, પહોળાઈની વાત કરી છે. આ દ્વારા ભવનની બીજી દિશાનાં આધારબિંદુની જાણકારી મળે છે. ભવનનાં મુખ્ય દરવાજાની દિશાનું એ ભવનમાં રહેવાવાળાની સમૃદ્ધિમાં ઘણું જ મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ભવનનું સ્થળ નિર્ધારણ એવા સ્થાનમાં કરવું જોઈએ, જયાં વાતાવરણ અને ભવનની વચ્ચે સમતોલન સ્થાપિત કરી શકાય.

'દિકનિર્ણય'નો સિદ્ધાંત પૂર્ણતઃ 'શિલ્પરત્નાકરઃ'માં જોવા મળે છે. પ્રથમ પ્રકરણમાં સૂત્રધાર, દ્વિતીય રત્નમાં પ્રાસાદોત્પત્તિમાં દિક્સાધન, ભૂમિશોધન, શલ્યશોધનવિધિ આપવામાં આવી છે.

रात्रौ दिक्साधनं कुर्याद् दीपसूत्रध्रुवैक्यत ः ।
समे भूमिप्रदेशे तु शंकुना दिवसे तथा ।। [१२]

રાત્રિના સમયે દિક્સાધન (પૂર્વદિશા કે ઉત્તરદિશા સિદ્ધ કરવી) સૂત્ર અને ધ્રુવનો તારો એકસરખી સીધી લાઈનમાં મેળવી કરવું અને પછી જમીન ઊંચી નીચી ન હોય તેવા પ્રદેશમાં શંકુ વડે દિક્સાધન કરવું. તેરમાં રત્નમાં પણ શંકુરોપણવિધિ કરીને દિક્સાધન કરવાનું કહ્યું છે.

## (૨) વાસ્તુપદ વિન્યાસ (નિર્માણ સ્થલ યોજના

ચારેબાજુની પરિસ્થિતિનો સંબંધ પદાર્થ યા તો પ્રકૃતિ સાથે છે. સંસ્કૃતમાં પ્રકૃતિને વાસ્તુ કહેવાય છે.

પુઢષનો અર્થ થાય છે. ઉર્જા, કાર્યશકિત, બળ યા આત્મા. મંડળનો અર્થ થાય છે. – જયોતિષ અનુસાર ગ્રહ, નક્ષત્રોની સ્થિતિ – જે દિશા નિર્ધારણ સાથે સંબંધ ધરાવે છે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અહંકાર એ આઠ પ્રકારની પ્રકૃત્તિ છે.[૧૩]

कार्यकारणकर्तृत्वे हेतु ः प्रकृतिरूच्यते ।
पुरूष ः सुखदुःखानां भोक्तृत्वे हेतुरूच्यते ।। [१४]

કાર્ય – આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી તથા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ કાર્ય છે. અને કરણ– બુદ્ધિ, અહંકાર અને મન, શ્રોત, ત્વચા, રસના, નેત્ર, પ્રાણ, વાક્, હસ્ત, પાદ, ઉપસ્થ, ગુદા આ ૧૩ કરણ છે. કરણને ઉત્પન્ન કરવામાં હેતુ પ્રકૃતિ કહેવાય છે અને જીવાત્મા સુખદુ:ખનો ભોગવા વાળો હેતુ કહેવાય છે. આ દ્વારા એવું સિદ્ધ થાય છે કે પરમાત્માએ આ ધરતી પર તેની પ્રકૃતિની સાથે આપણા સંબંધની વ્યાખ્યા કરી છે. વાસ્તુપુઢષમંડલમાં વસ્તુતઃ આ બધાનો જ સાર રહેલો છે. જે પરમાત્માએ કહ્યો છે. કોઈપણ ભવનનું નિર્માણ કરતી વખતે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ, આકાશનું સંતુલન રહેવું જોઈએ. ભવનોના દિશાનિર્ધારણના સિદ્ધાંતોની સાથે વાસ્તુપુઢષ મંડલનો ઘનિષ્ઠ સંબંધ છે.

વાસ્તુપુઢષમંડલ એક વર્ગ છે. તેની પ્રતિકાત્મકતા તથા મહત્ત્વ પૃથ્વી સાથે સંબંધિત વર્ગમંડળ સાથે છે. વાસ્તુકલાનું વિજ્ઞાન, ગ્રહ નક્ષત્રોનાં વિજ્ઞાનનો એક ભાગ છે. વાસ્તુમંડળની સીમાઓની અંદર સ્થિત વર્ગોમાં નિવાસ કરવાવાળાં દેવતાઓની સંખ્યા બત્રીસ છે. જે ચાર (૪) અને અઠ્ઠાવીસ (૨૮)ની જોડ છે. તે જ ૨૮ નક્ષત્રોનાં સ્વામી અને ચાર ગ્રહોને પ્રભાવિત કરવાવાળા સ્વામીઓની સંખ્યા છે. જેનો ઉલ્લેખ પ્રધાનબિંદુઓ યા વિધ્રુવીય બિંદુઓના રૂપમાં કરવામાં આવે છે.

વાસ્તુમંડળની આકૃતિથી ભવન-નિર્માણનો સમય, તેનું સ્થાન ભવનનાં અગ્રભાગની દિશા, નિશ્ચિત કરવામાં આવે છે. વાસ્તુપુઢષમાં એક પિંડ તથા વિશ્વમાં બ્રહ્માંડના રૂપમાં નિવાસ કરે છે.

આ દષ્ટિકોણથી મનુષ્ય અને બ્રહ્માંડ સમાન છે. આ વાસ્તુપુઢષનું શરીર ૪૫ દેવતાઓથી નિર્મિત છે. જેનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે. બ્રહ્માંડના દેવતા બ્રહ્મા સદૈવ કેન્દ્રવર્ગના દેવતા કહેવાય છે. પૂરા નિર્માણ સ્થલનો મુખ્ય વાસ્તુપુઢષ કહેવાય છે. ઉત્તરની દિશા ધનના દેવતા કુબેર, દક્ષિણ દિશા મૃત્યુદેવની, પૂર્વ પ્રકાશ દેવતા સૂર્યની, પશ્ચિમ વાયુ દેવતા વરૂણ તેનાથી સ્પષ્ટ થાય છે કે ભવનનાં મધ્યભાગમાં આંગણું હોવું જોઈએ.

આ દ્વારા સમાધાન મળે છે અને નિશ્ચિત રૂપથી સંબંધિત વ્યકિત અને સ્થાનને અનુકૂળ બને છે.

આ વસ્તુ 'શિલ્પરત્નાકરઃ' માં જોવા મળે છે જેમ તેરમાં રત્નમાં વાસ્તુપુઢષની આકૃતિ તેના દ્વારા જુદી-જુદી દિશાઓનું જ્ઞાન અને જુદા જુદા દેવોનું વર્ણન કરેલ છે. ૬૪ પદનો વાસ્તુ, ૮૧ પદનો વાસ્તુ, ૧૦૦ પદનો વાસ્તુ વગેરે આ જ પ્રકરણમાં આકૃતિ સાથે જોવા મળે છે. વળી, આ પુઢષની આકૃતિ પ્રમાણે જુદા-જુદા દેવોનાં સ્થાન અને તેના દ્વારા મળતા શુભ-અશુભ ફળોની વાત કરી છે.

'શિલ્પરત્નાકરઃ' માં પૃષ્ઠ ૫૪૦ પર આપેલી વાસ્તુપુઢષની આકૃતિ દ્વારા દિશાઓ અને દેવતાઓની જાણકારી આપી છે.

આ દ્વારા એમ કહેવામાં આવે છે કે

➢ ભૂખંડમાં જળસ્ત્રોત, ઈશાન, પૂર્વ અથવા ઉત્તર દિશા તરફથી આવવો જોઈએ જવાની દિશા પણ એ જ હોવી જોઈએ.

➢ ભવનમાં રસોઈઘર અગ્નિખૂણામાં હોવું જોઈએ. વિદ્યુત વગેરે અગ્નિખૂણામાં હોવું જોઈએ.

➢ ભવનમાં વાયુનો પ્રવાહ વાયવ્યકોણથી થવો જોઈએ. ભવનમાં વાયુને માટે દ્વાર તેમજ બારીઓ પશ્ચિમી દિવાલ, પૂર્વી દિવાલ, ઉત્તરી દિવાલ પર બનાવવી શુભ છે.

➢ ભવનના તળિયાનો ઢાળ, પૂર્વ, ઉત્તર અથવા ઈશાનમાં હોવો જોઈએ. ભવનનો દક્ષિણી તેમજ પશ્ચિમી ભાગ ઉત્તરી તેમજ પૂર્વભાગથી વધારે ભારે હોવો જોઈએ.

➢ ભવનનો દક્ષિણી તેમજ પશ્ચિમી ભાગ ઉત્તર તેમજ પૂર્વભાગથી વધારે ઊંચો હોવો જોઈએ. ભવનમાં ખુલ્લુ સ્થાન દક્ષિણ તેમજ પશ્ચિમ ભાગની અપેક્ષાએ ઉત્તર તેમજ પૂર્વ ભાગમાં વધારે હોવું જોઈએ.

## (૩) માન (હસ્તલક્ષણ)

વૈદિક વાસ્તુકલાના મૂળભૂત સિદ્ધાંત માન અર્થાત આનુપાતિક માપ છે. બધી જ રચનાત્મક ગાણિતિકવિધિઓ, ચાહે મૂર્તિકલા કે વાસ્તુકલા હોય તેમાં નિશ્ચિત માપ હોવું જોઈએ. 'મયમત' કહે છે કે 'यदि देवालय का नाप हर पक्ष में पूर्ण है, तो विश्व में पूर्णता होगी।' 'સમરાંગણ સૂત્રધાર'માં કહ્યું

છે કે કોઈપણ રચનાત્મક ગતિવિધિનો 'મેય' અર્થાત માપથી પરિપૂર્ણ હોવું જોઈએ.

यच्च येन भवेद द्रव्यंमेयं तदपि कथ्यते ।

અર્થાત્ જે કંઈપણ વસ્તુ બીજામાં લીન થઈ જાય છે તેને દ્રવ કહેવાય છે. તેને 'મેય' કહેવાય છે.

આપણા મહર્ષિઓ ઘોષણા કરે છે કે –

शास्त्रमानेन यो रम्यो स रम्यो नान्य एव हि ।

કોઈપણ સુંદર વસ્તુ ત્યારે જ પૂર્ણ અને પ્રસન્નતાદાયક થાય છે જયારે ધર્મગ્રંથોમાં આપવામાં આવેલા માપ અનુસાર રચવામાં આવેલી હોય. ભારતીય વાસ્તુકલા સ્વયં અને બ્રહ્માંડ, પુરાણ તેનું ખરું રૂપ આપે છે. જે અનુસાર અંગુલ (૧ ઈચનું) અથવા હસ્ત (૧૮ ઈચ) માપનો માનદંડ છે. નીચે મુજબનું માપ આપ્યું છે.

(૧) માન - ઊંચાઈનું માપ

(૨) પ્રમાણ - પહોળાઈનું માન

(૩) પરિમાણ - (પરિધિ) ચારે બાજુનું માપ

(૪) લંબમાન - રેખાઓની લંબાઈનું માપ

(૫) ઉન્માન - જાડાઈનું માપ

(૬) ઉપમાન - અંદરની જગ્યા અથવા વચ્ચેની જગ્યાનું માપ

प्रमाणे स्थापिता देवा ः पूजाहार्श्च भवन्ति ते ।

અર્થાત્ જો ભવનનું નિર્માણ નકકી થયેલા માપ મુજબ કઠોરતાથી થાય તો જ તે ભવન દેવતાઓની પૂજા કરવા માટે યોગ્ય થાય છે. ત્યારબાદ જ તે ભવન દેવતાઓનું આવાસ કહેવાને લાયક ગણાય છે. આ વિષયની વાત 'શિલ્પરત્નાકરઃ'માં જોવા મળે છે.

પ્રસ્તુત લક્ષણ 'शिल्परत्नाकरः'ના બીજા રત્નમાં શિલામાન, જગતીની ઉંચાઈનું પ્રમાણ, પ્રાસાદ પીઠમાન વગેરે આપેલા છે. ત્રીજા રત્નમાં મંડોવર પ્રાસાદનું ઉભણીમાન, દ્વારમાન, ભૂમિજાદિ દ્વારમાન, દ્રવિડાદિ દ્વારમાન, પંચશાખા દ્વારમાન, સપ્તશાખા, નવશાખા, દ્વારનાં ઉંબરાનું ચતુર્વિધ પ્રમાણ વગેરે આપેલા છે. ચોથા રત્નમાં સ્તંભની જાડાઈ, ઘુમટનાં ઘરોના વિભાગનું વર્ણન, પ્રમાણ, ગભારા અને દ્વારમાને મૂર્તિ અને સિંહાસનનું પ્રમાણ, પાંચમા રત્નમાં શિખરની રેખાની ઊંચાઈનું પ્રમાણ, શૃંગોનું પ્રમાણ, રેખા છોડવાનું પ્રમાણ, પ્રતોલ્યામાં સ્તંભોનું માપ અને સ્વરૂપ વગેરે શિલ્પરત્નાકરઃમાં વિસ્તારથી રજૂ કર્યા છે. જે વાસ્તુશાસ્ત્રનાં જ્ઞાતાને દિશાસૂઝ આપે છે. (૧) માન (૨) પ્રમાણ (૩) ઉપમાન (૪) પરિમાણ (૫) લંબમાન (૬) ઉન્માન આ છ એ માપો જોવા મળે છે.

## (૪) આયાદિ અંગ વિચાર

સમરાંગણ સૂત્રધાર મુજબ છ સમૂહ – આય, વ્યય, યોનિ, વાર, તિથિ, નક્ષત્ર તેનાં દ્વારા સંરચના થવી જોઈએ. કોઈપણ ભવનનાં મુખ્ય છ ભાગ હોય છે. અધિષ્ઠાન (આધાર) પદ યા સ્તંભ, પ્રસ્તાર, કર્ણ, શિખર, સ્તૂપ

આયનો અર્થ થાય છે ભવનની માપ = લંબાઈ × પહોળાઈ = ક્ષેત્રફળ

આઠ પ્રકારની આય (૧) ધ્વજાય (૨) ધૂમ્રાય (૩) સિંહાય (૪) શ્વાનાય (૫) વૃષભાય (૬) ખરાય (૭) ગજાય (૮) કાકાય આય કાઢવાનું ગણિત પણ ગ્રંથમાં મૂકેલું છે.

ક્ષેત્ર (લંબાઈ × પહોળાઈ) તે ૯ વડે ગુણવાનું અને પછી તેને ૮ વડે ભાંગી નાખતા જો ૧ શેષ બચે તો તે ધ્વજાય ગણવી, જો શેષ ૨ વધે તો ધુમ્રાય અને અન્ય આય પણ ક્રમશઃ તે રીતે જાણવી. ૧, ૩, ૫, ૭ શુભ આય છે. અને ૨, ૪, ૬ અશુભ ગણાય છે. આ ઉપરાંત બીજી ઘણી બધી બાબતોની જાણકારી પણ આપેલી છે.

આયાદિ વર્ગ વાસ્તુકલાની એક વિધિ છે. તેના દ્વારા સંરચના કરીને કલ્યાણની પુષ્ટિ થાય છે. આના દ્વારા ભવનનો ઉચિત માપ અને દેશાભિમુખતાનું જ્ઞાન મેળવી શકીએ છીએ.

ભિન્ન-ભિન્ન પ્રકારનાં મકાનોને માટે ભિન્ન-ભિન્ન પ્રકારની આય નકકી થયેલી છે.

(૧) આવાસીય ભવનો માટે – દેવાલયો માટે

શુભ – ધ્વજાય, સિંહાય, વૃષભાય, ગજાય

અશુભ – ધ્રૂમાય, શ્વાનાય, ખરાય, કાકાય

(૨) ગોદામ, શીતભંડાર, માલગોદામ, – ગજાય

(૩) દુકાનો તથા વ્યાપારી ભવનો – ગજાય, સિંહાય, – શુભ ધ્વજાય સાધારણ

(૪) થિયેટર, સિનેમાહોલ, વૈજ્ઞાનિક પ્રયોગશાળા, સ્કૂલ, કોલેજ, વૃષભાય – સર્વોત્તમ ધ્વજાય સાધારણ

(૫) ન્યાયભવન, સંસદભવન, – સિંહાય – શુભ , ગજાય – સાધારણ

(૬) ઔદ્યોગિક ઈમારત – સિંહાય – શુભ , ધ્વજાય – શુભ

(૭) ફેકટરી, મિલ – ધ્વજાય, વૃષભાય, – શુભ , સિંહાય – સાધારણ

(૮) વ્યાયામશાળા, હોસ્ટેલ, કલબઘર – સિંહાય – શુભ , ગજાય – સાધારણ

(૯) વિવાદ વગેરે સભાભવન – વૃષભાય, ધ્વજાય – શુભ

(૧૦) ધર્મશાળા – ગજાય- શુભ, વૃષભાય, ધ્વજાય – સાધારણ

આય આદિ એકવીસ અંગોનો વિચાર 'શિલ્પરત્નાકર:' ના પ્રથમ રત્નમાં કરવામાં આવ્યો છે.

(૧) આય (૨) ક્ષેત્રફળ (૩) નક્ષત્ર ઊપજાવવું (૪) નક્ષત્રના ગણ (૫) નક્ષત્રની દિશા (૬) નક્ષત્ર વૈર (૭) વ્યય (૮) તારા (૯) નાડી (૧૦) રાશિ (૧૧) રાશિ સ્વામી મિત્રતા (૧૨) નામાક્ષર (૧૩) અંશક (૧૪) લગ્ન (૧૫) તિથિ (૧૬) વાર (૧૭) કરણ (૧૮) યોગ (૧૯) વર્ગ (૨૦) તત્ત્વ (૨૧) ક્ષેત્રની આવરદા.

આ બધાનો વિચાર વિસ્તૃત રીતે કરેલો છે. આય લાવવાની રીત અને નામ, આય દેવોનાં સ્થાન, પ્રતિકૂળ, આયથી થતા દોષ, ધ્વજાય, વૃષાય, ધૂમ્રાય, સિંહાય દેવોના સ્થાન, શ્વાનાય, ખરાય, ગજાય, ધ્વક્ષાય, દેવોનાં સ્થાન આપેલા છે.

આયોને રહેવાની દિશા અને તેના સ્વરૂપ, કઈ આય શ્રેષ્ઠ છે. આયોના સ્વરૂપનો નકશો વિગતથી આપેલો છે અને એ રીતે આ સિદ્ધાંત પ્રમાણે પ્રથમ રત્નમાં આય મુજબ જ ભવન નિર્માણની વાત કરેલી છે.

वास्तुकर्मसु सर्वेषु चाष्टावायादिसंपद ः ।
पूजिताः प्रतिपूज्यन्ते निर्विघ्नं च पदे स्थिताः ।। [१५]

(સર્વ પ્રકારનાં વાસ્તુકર્મમાં આ આઠ પ્રકારની આયોનું પૂજન કરવાથી આ આઠ પ્રકારની આયોનું પૂજન કરવાથી પોતાના સ્થાનમાં રહી નિર્વિઘ્ન કામની સમાપ્તિ કરાવી મનોરથોને સફળ કરાવે છે.)

## (૫) ભૂમિચિંતન

જમીન વિના ભવન બની શકતું નથી. આથી, ગૃહનિર્માણ કરતાં પહેલા ઉત્તમ જમીનની પસંદગી કરવી યોગ્ય છે. જયાં સુધી સરકારી જમીન, આવાસ, વિકાસ બોર્ડ કે વિકાસ પ્રાધિકરણો દ્વારા વેચાણ કરેલ જમીનનો પ્રશ્ન છે એને પણ ઉપનગર, મહોલ્લાની અનુકૂળતાની સમીક્ષા કર્યા પછી તથા વાસ્તુશાસ્ત્રનાં નિયમાનુસાર ભૂખંડ કે ખાત પરીક્ષણ અને શલ્યશોધન કરી લેવું ઉત્તમ રહેશે.

સમકોણ ભૂખંડ, આયતાકાર ભૂખંડ, વૃત્તાકાર ભૂખંડ, વગેરે ઉત્તમ છે. તો ધનુષાકાર ભૂખંડ, ચતુષ્કોણીય સૂપાકાર ભૂખંડ, મૃદંગાકાર ભૂખંડ અશુભ છે. તે જ રીતે અન્ય પ્રકારનાં ભૂખંડની વાત કરી છે.

ભૂમિના રૂપ, રસ અને ગંધ

- જે ભૂમિ સફેદ હોય, ઘીની સુગંધ આવતી હોય તે બ્રાહ્મણ માટે યોગ્ય છે.
- જે જમીન લાલ હોય, રકતની સુગંધ આવતી હોય તે ક્ષત્રિય માટે યોગ્ય છે.

- જે જમીન પીળી હોય, તલની સુગંધ હોય તો તે વૈશ્ય માટે ઉત્તમ છે.
- જે જમીન કાળી હોય, માછલીની ગંધ આવતી હોય તો તે શુદ્ર માટે યોગ્ય છે.

**શલ્યોદ્ધાર**

દોષરહિત આવા શલ્યોદ્ધાર કર્યા વગરની જમીન પર ખાડો ખોદવામાં આવે તો એ જમીનમાં ખાડો ખોદવામાં આવે તો એ જમીનમાં ત્રણ હાથની ઉંડાઈ (૫ મીટર)ની નીચેનો પાયો ખોદીને વચમાં કયાંય પણ નીચે લખેલ ખનન સામગ્રી કે પથ્થરનાં ટુકડા, ભુસુ, હાડકા વગેરે આવે તો તેનું અલગ-અલગ ફળ મળે છે.

આ જ વિષયની રજૂઆત 'શિલ્પરત્નાકરઃ' ના દ્વિતીય રત્નમઃ પ્રાસાદરચનાવિધિમાં કહી છે. શ્લોક નં. ૮૫, ૮૬, ૮૭માં ભૂમિશોધનવિધિની વાત કરી છે અને શ્લોક ૮૮માં કહ્યું છે કે – જયા પ્રાસાદ કરવો હોય ત્યાંની ભૂમિનાં શોધન માટે એક ખાડો કરવો અને ખોદેલા ખાડામાં કાંડા બરાબર પાણી ભરવું, જો પાણીનો પ્રવાહ સર્વ દિશાઓમાં અથવા પૂર્વ કે ઉત્તર કે ઈશાન કોણ તરફ જાય તો તે જગ્યાએ કરેલો પ્રાસાદ ઉત્તમ ફલ આપે. આ પ્રમાણે ખોદેલી માટી ફરી પાછી ખાડામાં પૂરી દેવી અને ગાયનું દૂધ, દહીં, ઘી, ગોમૂત્ર અને છાણથી લીપી શિલ્પીએ ભૂમિની શુદ્ધિ કરવી.

શલ્યશોધનવિધિ પણ બીજા રત્નમાં ૮૯, ૯૦માં શ્લોકમાં વાત રજૂ કરી છે.

આ ઉપરાંત **જમીનનો ઢાળ** પણ જોવો જોઈએ. **'બૃહદ્‌સંહિતાનુસાર'** જો ઉત્તર દિશા તરફ ઢાળ હોય પૂર્વ તરફ, દક્ષિણ તરફ, અને પશ્ચિમ તરફ હોય તો તે અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રને શુભ ગણાય છે.

**(૬) સ્થપતિનિર્ણય**

વાસ્તુશાસ્ત્રી એટલે સ્થપતિ

વાસ્તુશાસ્ત્રી અને આર્કિટેકટ આ બંનેમાં ફરક છે. વાસ્તુશાસ્ત્રી વાસ્તુશાસ્ત્રનાં સિદ્ધાંતો પર કામ કરે છે અને તે સિદ્ધાંતોને સમજે છે. આર્કિટેકટનું કામ જમીનની લંબાઈ-પહોળાઈ અથવા ક્ષેત્રફળ અનુસાર મકાનને માટે નકશા બનાવે છે. ભૂખંડને વાસ્તુશાસ્ત્રની દષ્ટિથી ન જોતા ત્યાંની જમીન, પથ્થર, વગેરેને જુએ છે. જયારે વાસ્તુશાસ્ત્રી ભૂખંડને જોયા વગર તેની માટીની પરીક્ષા કર્યા વગર કોઈપણ જમીનને ખરીદવાની સલાહ આપતો નથી.

ભૂમિનાં લક્ષણોથી માંડીને તેની પરીક્ષા તથા તેની શોધ કરવા ઉપરાંત, ભવનનિર્માણ તથા ને બન્યા બાદ થતું શાંતિકર્મ થી માંડીને ગૃહપ્રવેશ તથા ભવનમાં રહેવાવાળાના નિયમ તથા આજુબાજુની સ્થિતિ ગ્રાહય અને ત્યાજય કાર્ય વગેરેનું જ્ઞાન વાસ્તુશાસ્ત્રી અર્થાત સ્થપતિને હોવું જરૂરી છે.

સ્થપતિનું વર્ણન કરતાં 'શિલ્પરત્નાકરઃ'ની પ્રસ્તાવનામાં કહ્યું છે કે –

स्थपतिः स्थापनार्थं स्यात्सर्वशास्त्रविशारदः ।
न हीनांगोऽतिरिक्तांगो धार्मिकस्तु दयापरः ।।
अमात्सर्योऽनसूयश्च तांत्रिक ः स्वभिजातवान् ।
गणितज्ञः पुराणज्ञः सानन्दाप्यलुब्धकः ।।
चित्रज्ञः सर्वदेशज्ञः सत्यवादी जितेन्द्रियः ।
अरोगी चाप्रमादी च सप्तव्यसनवर्जितः ।।
सुनामा द्रढबन्धुश्च वास्तुविद्याब्धिपारगः ।। [१६]

ટૂંકમાં, સ્થપતિ એ ભવનનિર્માણ માટે અગત્યનું અંગ છે. સ્થાપનામાં સંપૂર્ણ યોગ્યતા ધરાવનારને સ્થપતિ જાણવો. સ્થપતિની જાતિ–ગતિને જાણનાર અનુસરનાર સ્થપતિનાં પુત્ર અથવા શિષ્યને સૂત્રગ્રાહી જાણવો. મોટા પાષાણો ઘડી સુંદર કોતર કામ કરનાર તક્ષકી અને લાકડાનું સુંદર કોતર કામ કરનાર કારીગરને વર્ધકી જાણવો.

સ્થપતિ વગેરે ચાર શિલ્પકારોની સદા માન–પ્રતિષ્ઠા કરવી. વળી એક હાથે થયેલું કાર્ય કલ્યાણકારી હોય છે. બે હાથે થયેલું કાર્ય મૃત્યુ નોતરવામાં સંભવે છે. માટે ગૃહકાર્ય કે દેવકાર્ય એક જ શિલ્પીને હાથે કરાવવા એવું શ્રી વિશ્વકર્માએ કહેલું છે.

## (૭) ગ્રામ અથવા નગર ચયન, રાજવેશ્મવિધાન

આને આધુનિકભાષામાં માસ્ટર પ્લાન કહેવામાં આવે છે. જેનો અભિપ્રાય છે કે નગર, ગ્રામ, શહેર અથવા મહાનગરને વસાવવું અથવા વિસ્તાર કરવાની યોજના પર વાતચીત કરવી, ચર્ચા કરવી. આ વિભાગમાં જમીન સિવાય સાર્વજનિક મનોરંજન સ્થળ, દવાખાના, વિદ્યાલય, કાર્યાલય, વ્યાપારકેન્દ્ર, સડક,પાણી, વિદ્યુત વગેરેનું ધ્યાન રાખવામાં આવે છે. વળી, રાજકીય મહેલ, દરબાર સ્થળ, કારાગાર, કોષાગાર, જુગારઘર, વ્યાયામશાળા વગેરે ઈમારતોની સંરચનાનાં સ્થાપત્ય વિધાનની ચર્ચા થઈ છે. મંડપવિધાનમાં ધાર્મિક સ્થળ, મંદિર, સહકારી ભવન, વ્યાપાર, સ્કૂલ, કોલેજ, દવાખાના, વગેરે નિર્માણસંબંધી નિયમોની ચર્ચા કરવામાં આવે છે.

ઉપર્યુકત બધી બાબતો માટે વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતો કે નિયમો કામ કરે છે તે મુજબ જ જો કરવામાં આવે તો રહેનારના બનાવનારના ઉદેશ્યો પૂર્ણ થવાથી સુખ–સમૃદ્ધિ, આયુષ્યની પ્રાપ્તિ થાય છે.

'शिल्परत्नाकरः'માં મુખ્યત્વે પ્રાસાદ સંબંધી, તમામ વર્ણનો અને ગૃહસંબંધી તમામ બાબતોનું વર્ણન દ્વિતીય રત્નમાં, ષષ્ઠરત્નમાં અને શરૂઆતનાં વિભાગમાં વિગતે કરેલું છે.

## (૮) પતાકાદિ (ભવનોનું સૌંદર્ય)

ભવનની સંરચના છંદ જેવી હોવી જોઈએ. તેની લયાત્મક સ્થિતિ કાવ્ય જેવી હોય છે. છંદ

(સૌંદર્ય)ના વિજ્ઞાનનો વિસ્તાર, ભવનની ભૂમિયોજનાની લયાત્મક સ્થિતિ તેના સીધા ભાગો સુધી હોય છે. ભવનનિર્માતા પોતાના કાર્યથી તેમાં આવશ્યક ભાર રૂપ અને ભાવ ભરે છે. લય યોગ્ય ભાવ જાગૃત કરે છે અને માપ તેમનું નિર્માણ કરે છે અને તેના દ્વારા જે નિર્માણ થાય છે તેને માપી શકાય છે અને જાણી શકાય છે. ગણ, ગણિત, માત્રાઓનું વિજ્ઞાન અર્થાત્ ગણિતશાસ્ત્ર ને વાસ્તુકલા, છંદ, લય, વિજ્ઞાન,પૃથ્વી, અંતરિક્ષ, પ્રકાશ, જગત વગેરે પર લાગુ પાડવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો વાસ્તુનાં છંદની અર્થસંરચના એવી રીતે કરવામાં આવે છે જે આકાશની પૃષ્ઠભૂમિને પ્રસ્તુત કરે છે.

જેવી રીતે સંગીત ૬ (છ) રાગોથી – ૩૬ રાગિણીનો ઉત્પન્ન થાય છે તેવી જ રીતે આ પ્રાથમિક છ છંદો દ્વારા ૩૬ યૌગિક છંદ બને છે. વાસ્તુના ૬ છંદ છે.

(૧) મેરુ (૨) ખંડ મેરુ (૩) પતાકા છંદ (૪) સૂચીછંદ (૫) ઉડિસ્તા (૬) નેસ્ત

### (૧) મેરુ

તેનો આકાર પૃથ્વીનાં મેરુ જેવો પર્વત જેવો હોય છે. તે વધારે ઊંચા છે અને ધીરે ધીરે ચારે તરફ ઢાળ હોય છે.

### (૨) ખંડ મેરુ

તે બહારનાં વિસ્તારથી પૂરા ઘેરાયેલ નથી જેનો બહાર નીકળેલો ભાગ ઢાળદાર ચટ્ટાનના રૂપમાં જોવા મળે છે.

### (૩) પતાકા છંદ

એવું લાગે છે કે એક ઝંડા અથવા દંડથી ધ્વજાને ફરકાવવામાં આવે જે બહારથી બે મજલા વાળી, રચના લાગે પણ વાસ્તવમાં એક મજલાવાળી રચના હોય છે. (ઉદા. ફતેહપુરસીકરીના સિંહાસન સ્તંભ)

### (૪) સૂચી છંદ

તેની આકૃતિ સોય જેવી હોય છે.

### (૫) ઉડીસ્તો (૬) નસ્ત

તે બંને સ્વતંત્ર નથી અને તે કોઈ દશ્ય રજૂ કરતા નથી.

આ આપણા દેશની પ્રાચીન પરંપરા હતી. ભવનોની પરિરેખાઓના અનેકરૂપ હોય છે. વિભિન્ન કાર્યોની પૂર્તિ માટે ભિન્ન-ભિન્ન વર્ગોનાં ભવનોની રચના અલગ-અલગ પ્રકારની હોય છે અને તે કયારેય એક સરખો દેખાવ આપતી નથી.

ઉપર્યુકત સિદ્ધાંતો 'શિલ્પરત્નાકરઃ' ના બધાજ રત્નોમાં જોવા મળે છે. જેના દ્વારા જ ભવનસૌંદર્ય, પ્રાસાદ અને ગૃહ સૌંદર્યના સિદ્ધાંતો તેમા રહેલા જોઈ શકાય છે.

# પાદટીપ

| | | |
|---|---|---|
| (૧) | शिल्परत्नाकर : | સંક્ષિપ્ત જીવન ચરિત્ર પૃ. ૧૧ |
| (૨) | शिल्परत्नाकर : | પ્રસ્તાવના પૃ. ૧૩ |
| (૩) | शिल्परत्नाकर : | પ્રસ્તાવના પૃ. ૧૧ થી ૧૫ |
| (૪) | शिल्परत्नाकर : | પૃ. ૨૨ (ગ્રંથકર્તાનું નિવેદન) |
| (૫) | शिल्परत्नाकर : | પૃ. ૧૩ થી ૨૦ |
| (૬) | शिल्परत्नाकर : | પ્રસ્તાવના વિષયસૂચી |
| (૭) | शिल्परत्नाकर : | પૃ. ૨૫ |
| (૮) | शिल्परत्नाकर : | પૃ. ૩૦ |
| (૯) | शिल्परत्नाकर : | પૃ. ૧૭ થી ૧૯ પ્રસ્તાવના |
| (૧૦) | वास्तुशास्त्र रहस्य | પૃ. ૩૩૫ |
| (૧૧) | વાસ્તુશાસ્ત્રાનુસાર ભવન નિર્માણ | પૃ. ૨૫ થી ૩૫ |
| (૧૨) | शिल्परत्नाकर : | દ્વિતીય રત્ન શ્લોક ૮૪ |
| (૧૩) | શ્રીમદ્ ભગવદ્ગીતા | અ. ૭-૪ |
| (૧૪) | શ્રીમદ્ ભગવદ્ગીતા | અ. ૧૩, ૨૦ |
| (૧૫) | शिल्परत्नाकर : | પ્રથમ રત્ન શ્લોક ૬૨ |
| (૧૬) | शिल्परत्नाकर : | પ્રસ્તાવના પૃષ્ઠ-૨૬ |